**આજનો સુવિચાર**

મોઢા પર કડવી વાત સંભળાવી દે અને પીઠ પાછળ ખરા દિલથી વખાણ કરે તેનું નામ સાચો મિત્ર!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૧૮ જૂનાગઢ તા.૩૧-૮-૨૦૨૩ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 218, Junagadh : Date : 31 August, 2023, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

# વિપક્ષનાં ઈન્ડીયા ગઠબંધનની મુંબઈમાં બે દિવસીય બેઠક : ૨૦૨૪નો રોડમેપ તૈયાર થશે



નવી દિલ્હી તા.૩૧ : લોકસભાની ચૂંટણીમાં ભાજપને ભરી પીવાના ટારગેટ સાથે સંગઠીત બનેલા ૨૮ વિપક્ષોની આજથી મુંબઈમાં બે દિવસની બેઠક શરૂ થઈ ગઈ છે. તેમાં બેઠક વહેંચણી માટે કમીટીનું ગઠન કરવા તથા લોગો ઘડવા જેવા મહત્વપૂર્ણ મુદાઓ પર ચર્ચા-નિર્ણય થવાની સંભાવના છે. મુંબઈમાં બે દિવસની ઈન્ડીયા ગઠબંધનની બેઠકમાં ૨૮ વિપક્ષી વડાઓ સહીત ૬૩ પ્રતિનિધિઓ સામેલ થશે. ભાજપ સામે મજબુત લડત આપવા વિપક્ષી માળખુ તૈયાર કરાવનો મુદ્દો એજન્ડામાં રાખવામાં આવ્યો છે. તમામ રાજકીય પક્ષો અલગ પ્રતિક ધરાવતાં હોવાથી ઈન્ડીયાનો કોમન લોગો તૈયાર કરવાનો નિર્ણય લેવાશે. ઉપરાંત કો-ઓર્ડીનેટરની નિયુકિત નકકી કરાશે. ઈન્ડીયાનાં કન્વીનર પસંદ કરવાનો મુદો પેચીદો બન્યો છે. કારણ કે એકથી વધુ પાર્ટીનાં નેતા કન્વીનર બનવાની હોડમાં છે. એટલુ જ નહિં બીજા નેતા કન્વીનર કે ચેરપર્સન બને તે સામે પણ વાંધો ઉઠાવી શકે છે. આ મુદો ટાંટીયા ખેંચની સ્થિતિ સર્જી શકે છે. વિપક્ષી નેતાઓની આજે ઔપચારીક બેઠક પછી આવતીકાલે સતાવાર ચર્ચા-નિર્ણયો થશે.

આવતીકાલે સતાવાર ચર્ચા-નિર્ણયો માટે વિવિધ કમીટીનુ ગઠન થવાની શકયતા છે અને તેના માટે નિશ્ચીત સમય મર્યાદા પણ ઘડવામાં આવશે. આ ઉપરાંત કો-ઓર્ડીનેશન કમીટી તથા કેમ્પેઈન મેનેજમેન્ટ વિશે પણ નિર્ણય થવાની શકયતા છે. સીનીયર વિપક્ષી નેતાએ કહ્યું કે ઈન્ડીયાનું સમગ્ર માળખુ ઘડવાનો નિર્ણાયક સમય છે. તમામ નેતાઓ, પર દર મહિને નવી-નવી જગ્યાએ એકઠા ન થઈ શકે આજની ઔપચારીક બેઠકમાં કોંગ્રેસ-આપ વચ્ચેનાં સબંધોની ખટાશ દુર કરવાના પ્રયત્નો થશે. ઉપરાંત શરદ પવારની ગડમથલ વિશે ચોખવટ થઈ શકે છે. સુત્રોએ કહ્યુ કે બેઠક વહેચણીનો મુદો ઘણો મહત્વનો અને સમય માંગી લે તેવો છે. એટલે કાલની બેઠકમાં નિર્ણય નહિં થાય. જોકે પ્રાથમીક વ્યાપક ચર્ચા થશે. પરંતુ પ્લાન તૈયાર કરવાનું કામ નેતાઓની કમીટીને જ સોંપાશે. સીનીયર નેતાએ કહ્યું કે બેઠક વહેંચણીનો મુદો હજુ હાથ પર લેવાયો નથી. અને તે માટે કેટલાંકને જવાબદારી સોંપી શકાય છે. સૂત્રોના કહેવા પ્રમાણે પટણા તથા બેંગ્લોર બેઠક બાદ મુંબઈની આ ત્રીજી બેઠક વધુ મહત્વપૂર્ણ હશે અને તેમાં લોકસભાની ચૂંટણી માટે ભાજપ સામેની રણભૂમિ-યુદ્ધરેખા જ ખેંચવાના પ્રયાસ થશે. નેતાઓએ સ્પષ્ટ કર્યુ હતું કે લોકશાહી બચાવવાની જ લડાઈ છે.

આજથી શરૂ થઈ રહેલી ત્રીજી બેઠકનું આયોજન મહાઅઘાડીએ કર્યુ છે. આ બેઠકમાં ૬ રાજયોના મુખ્યમંત્રી સહિત ૨૮ વિપક્ષોના વડાઓ હાજર રહેવાના છે. કુલ ૬૩ પ્રતિનિધિઓ ભાગ લેશે. મહત્વની વાત એ છે કે 'ઈન્ડિયા'માં સામેલ એક પણ પક્ષ સતમાં નથી તેવા રાજય (મહારાષ્ટ્ર)માં આ બેઠક યોજવામાં આવી છે. મહારાષ્ટ્રમાં અગાઉ શિવસેના-એનસીપી-કોંગ્રેસનું શાસન હતું પરંતુ ભંગાણ સર્જાયાને પગલે હવે એનડીએની સતા છે.

## કેન્દ્ર સરકાર જમ્મુ-કાશ્મીરમાં કોઈપણ સમયે ચૂંટણી કરાવવા તૈયાર : સુપ્રિમ કોર્ટમાં જવાબ રજુ કર્યો

નવી દિલ્હી તા. ૩૧

જમ્મુ - કાશ્મીરમાંથી રદ કરાયેલી કલમ-૩૭૦ને પુર્નઃ સ્થાપિત કરાવવાની માંગ સાથે સુપ્રિમ કોર્ટમાં થયેલી વિવિધ રીટ પીટીશનો ઉપર છેલ્લા ૧૨ દિવસથી ડે-ટુ-ડે સુનાવણી થઈ રહી છે ત્યારે ગઈકાલે સુપ્રિમ કોર્ટે કેન્દ્ર સરકાર પાસે એ જાણવા માંગ્યું હતું કે, સરકાર જમ્મુ-કાશ્મીરમાં ચૂંટણી યોજવા અંગે શું યોજના ધરાવે છે ? જે મુદ્દાનો આજે જવાબ રજુ કરતા કેન્દ્ર સરકાર વતી ઉપસ્થિત રહેલા સોલિસીટર જનરલે નામદાર સુપ્રિમ કોર્ટને એવું જણાવ્યું હતું કે, મોદી સરકાર જમ્મુ-કાશ્મીરમાં કોઈપણ સમયે ચૂંટણી કરાવવા તૈયાર છે. જો કે ચૂંટણી યોજવાનો નિર્ણય ચૂંટણીપંચ કરશે. સોલિસીટર જનરલે વધુમાં કહયુ કે, હાલમાં જમ્મુ-કાશ્મીરમાં મતદાર યાદી તૈયાર થઈ રહી છે અને તેને અપડેટ કરવામાં આવી રહી છે. તેમણે વધુમાં કહયું કે, જમ્મુ-કાશ્મીરમાં સૌપ્રથમ પંચાયતની ચૂંટણીઓ થશે ત્યારબાદ નગરનિગમની ચૂંટણીઓ થશે. સરકાર એવું કહેવા માંગતી હતી કે, પંચાયત અને નગર નિગમોની ચૂંટણીઓ યોજાયા બાદ રાજય વિધાનસભાની ચૂંટણી યોજાઈ શકે છે તેવું માનવામાં આવી રહયું છે. આમ જમ્મુ-કાશ્મીર મામલે સુપ્રિમ કોર્ટમાં થઈ રહેલી સુનાવણીમાં આજે એક મહત્વનો ઘટનાક્રમ બહાર આવ્યો છે.

## અમેરીકાનાં ૪ રાજયોમાં ત્રાટકેલા ઈડાલીયા ચક્રવાતે ભારે તબાહી મચાવી

વોશીંગ્ટન તા. ૩૧

અમેરિકાના ૪ રાજયો ઈડાલીયા ચક્રવાત તબાહી મચાવી રહ્યું છે. બુધવારે ફ્લોરિડાના બિગ બેન્ડમાં લેન્ડફોલ કર્યા બાદ આ વાવાઝોડાંને કારણે અત્યાર સુધીમાં બે લોકોનાં મોત થયા છે. ફ્લોરિડા

### ફ્લોરીડામાં ૧૦૦ વર્ષનાં ઈતિહાસનું સૌથી ભયાનક તોફાન

બાદ આ તોફાન જ્યોર્જિયા, નોર્થ કેરોલિના અને સાઉથ કેરોલિના તરફ આગળ વધ્યું છે. જેના કારણે જ્યોર્જિયા અને ફ્લોરિડામાં લગભગ ૪.૫ લાખ લોકોના ઘરોમાં વીજળી નથી. ઈડાલિયા વાવાઝોડાને કારણે લગભગ ૯૦૦ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. લેન્ડફોલ સમયે, ચક્રવાત કેટેગરી ૪ થી કેટેગરી ૩ માં ખસી ગયું હતું. જેના કારણે પવનની ઝડપ ૨૦૦ કિમી પ્રતિ કલાક નોંધાઈ હતી. હવામાન વિભાગના અધિકારીઓના જણાવ્યા અનુસાર ઈડાલિયા ફ્લોરિડાના ૧૦૦ વર્ષના ઈતિહાસમાં સૌથી ભયાનક તોફાન છે. વાવાઝોડાંને જોતા ચારેય રાજ્યોમાં ઈમરજન્સી લાદી દેવામાં આવી છે.

## દિલ્હીમાં યોજાનારી G-20 બેઠકમાં હાજર રહેવાનું ટાળનાર પુતિન ચીનની મુલાકાત લેશે

નવી દિલ્હી,તા.૩૧

બ્રિકસ અને જી-૨૦ માં હાજર રહેવાનું રશિયાના રાષ્ટ્રપતિએ ટાળ્યું છે પરંતુ પુતિન ચીનની મુલાકાતે જશે. ઈન્ટરનેશનલ ક્રિમીનલ કોર્ટે પુતિન વિરુદ્ધ ધરપકડ વોરંટ જાહેર કર્યુ છે ત્યારથી તે વિદેશ પ્રવાસને ટાળી રહ્યા છે.

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદીમીર પુતિન તાજેતરમાં જોહાનીસબર્ગમાં યોજાયેલાં બ્રિકસ સંમેલનમાં હાજર રહ્યા નહોતા અને હવે નવી દિલ્હીમાં ૮-૯ સપ્ટેમ્બરનાં રોજ યોજાનાર જી-૨૦ સમીટમાં પણ ભાગ લેવાના નથી. તેમણે ભારતમાં યોજાનારી જી-૨૦ સમીટમાં ભાગ લેવાની અસમર્થતા વ્યક્ત કરી છે.

ઈન્ટરનેશનલ ક્રિમીનલ કોર્ટ દ્વારા પોતાની વિરુદ્ધ ધરપકડ વોરંટ જારી કરવામાં આવ્યા બાદ પુતિન પોતાના વિદેશ પ્રવાસને ટાળી રહ્યા છે, જેથી તેઓ ધરપકડથી બચી શકે. જો કે આ દરમિયાન સમાચાર આવી રહ્યા છે કે પુતિન ચીન જવાના છે. ધરપકડ વોરંટ જારી થયા બાદ પુતિનની આ પ્રથમ વિદેશ મુલાકાત હશે. રશિયન રાષ્ટ્રપતિએ સોમવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ફોન કરીને ચર્ચા કરી હતી અને મીટીંગમાં હાજરી આપવા માટે પોતાની અસમર્થતા વ્યક્ત કરી હતી

## હિંડનબર્ગ બાદ વધુ એક ગ્લોબલ સંસ્થાએ અદાણી જૂથ પર ગોટાળાનો આરોપ મુકયો

નવી દિલ્હી તા. ૩૧ : હિંડેનબર્ગ બાદ હવે ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ એન્ડ કરપ્શન રિપોર્ટિંગ પ્રોજેક્ટ નામની એક ગ્લોબલ સંસ્થાએ ગૌતમ અદાણીના ગ્રૂપ પર ગોટાળા કરવાનો મોટો આરોપ મૂક્યો છે. **OCCRP**ના રિપોર્ટ અનુસાર પ્રમોટર પરિવારના બિઝનેસ પાર્ટનર્સે મોરેશિયસ સ્થિત 'બેનામી' રોકાણ ફંડોના માધ્યમથી અદાણી ગ્રૂપના શેરોમાં કરોડો ડૉલરનું રોકાણ કર્યું હતું. **OCCRP**એ તેના રિપોર્ટમાં કહ્યું છે કે તેની તપાસમાં ઓછામાં ઓછા બે કેસ પકડાયા હતા જ્યાં અનામી રોકાણકારોએ ઓફશ્યોર સ્ટ્રક્ચરના માધ્યમથી અદાણી ગ્રૂપના સ્ટોકને ખરીદયા અને વેચ્યા હતા. ઉલ્લેખનીય છે કે **OCCRP**ને અબજપતિ જ્યોર્જ સોરોસ અને રૉકફેલર બ્રધર્સ ફંડ જેવી સંસ્થાઓ દ્વારા ફન્ડિંગ મળે છે. જ્યોર્જ સોરોસ એ જ અબજપતિ છે જે સમયાંતરે કેન્દ્રની મોદી સરકારની ટીકા કરતા રહે છે. ઉલ્લેખનીય છે કે અદાણી ગ્રૂપના કેટલાક મહત્ત્વના પબ્લિક ઈન્વેસ્ટરો જેઓ ખાસ કરીને તો અદાણીના ઈનસાઈડર જ છે તેઓ અનેક આરોપોનો સામનો કરી રહ્યા છે. તેમના પર ઈન્ડિયન સિક્યોરિટીઝ લૉનું ઉલ્લંઘન કરવાના આરોપો છે. જોકે અત્યાર સુધી કોઈ તપાસકાર એજન્સીઓ તેમની ઓળખ કરી શકી નથી. જોકે હવે **OCCRP**એ એવા કેટલાક દસ્તાવેજોની મદદથી તેના પર ચોંકાવનારો ખુલાસો કર્યો છે.

## પેટ્રોલ - ડીઝલનાં ભાવ ઘટાડવા કેન્દ્ર સરકારે તૈયારી શરૂ કરી

નવી દિલ્હી,તા. ૩૧

મોંઘવારી ઘટાડવા માટે નેપાળથી ટામેટાંની આયાત કરીને ભાવ ઘટાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો તેના પરિણામો બધાની સામે છે. મોંઘવારી નિયંત્રણમાં લેવા મોદી સરકારે ડુંગળીના ભાવમાં વધારાના સમાચાર સામે આવતાની સાથે જ નિકાસ પર ટેક્સ લાદવામાં આવ્યો હતો જે બાદ ભાવ સ્થિર જણાય છે. એ જ રીતે ઘઉં, ચોખા અને અન્ય ચીજવસ્તુઓના ભાવ સ્થિર રાખવા માટે સરકાર દ્વારા પગલાં લેવામાં આવ્યા છે. તાજેતરમાં, સામાન્ય લોકોને રાહત આપવા માટે, ગેસ સિલિન્ડરના ભાવમાં ફલેટ ૨૦૦ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે. નવી કિંમતો પણ ૩૦ ઓગસ્ટથી અમલમાં આવી છે. ત્યાર બાદ મોંઘવારી અને પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધુ ઘટાડો થવાની શક્યતાઓ છે. બે જગ્યાએથી આના સંકેતો મળ્યા છે. પહેલો સંકેત કેન્દ્રીય મંત્રી હરદીપ સિંહ પુરીએ આપેલા ઈન્ટરવ્યુ દ્વારા આપવામાં આવ્યો છે.

હિન્દુ લો માં પ્રથમ લગ્ન અસ્તિત્વમાં હોવા છતાં બીજા લગ્ન કરવા અપરાધ છે :

## લગ્ન કર્યા છતાં બીજા લગ્ન કરી શારીરિક સંબંધ બાંધવો બળાત્કાર ગણાય : બોમ્બે હાઈકોર્ટ

મુંબઈ,તા.૩૧

બોમ્બે હાઈકોર્ટે એક મહત્વનો ચુકાદો આપતા કહ્યું હતું કે, પ્રથમ લગ્ન અસ્તિત્વમાં હોવા છતાં બીજા લગ્ન કરીને શારીરિક સંબંધો રેપના ક્ષેત્રમાં આવશે. આ આચરણથી રેપનો અપરાધ બને છે એટલે આરોપી સામે રેપ અને બાઈગેમી (દ્વિવિવાહ)ના આરોપમાં નોંધાયેલી એફઆઈઆર રદ ન કરી શકાય.

પ્રથમ પત્નીને તલાક આપી લગ્નનું વચન આપી વિધવા મહિલા સાથે શારીરિક સંબંધ બાંધી વિધવાને બેસહારા છોડી દેનાર શખ્સના કેસમાં હાઈકોર્ટે આ ચુકાદો આપ્યો છે. પીડિતા વિધવાના જણાવ્યા અનુસાર તેણીનાં પતિના નિધન બાદ અગાઉથી પરિચિત આરોપીએ તેની સાથે સંબંધો વધાર્યા હતા.

તેણે વિશ્વાસ અપાવ્યો હતો કે તેને તેની પત્ની સાથે ભળતું નથી. એટલે તેનાથી અલગ થઈ જશો ત્યારબાદ પ્રથમ લગ્ન અસ્તિત્વમાં રહેવા છતાં તેણે મારી સાથે ૧૮ જૂન ૨૦૧૪માં લગ્ન કરી લીધા. ત્યારબાદ બે વર્ષ સાથે રહ્યો બાદમાં મને બેસહારા છોડી દીધી. આ મામલે પીડિતાએ ૨૭ સપ્ટેમ્બર ૨૦૧૯માં ફરિયાદ કરી હતી. પોલીસે ફરિયાદ નોંધી હતી. જે રદ કરવા આરોપીએ હાઈકોર્ટમાં દાખલ કરી હતી.

કોર્ટે આ કેસમાં જણાવ્યું હતું કે હિન્દુ લોમાં પ્રથમ લગ્ન અસ્તિત્વમાં હોવા છતાં બીજા લગ્ન કરવા અપરાધ છે. આરોપીએ પહેલા લગ્ન હોવા છતાં બીજા લગ્ન કર્યા. સુનાવણી દરમિયાન આરોપીના વકીલે દલીલ કરી હતી કે મારા અસીલે પીડિતા સાથે લગ્ન કરીને તેની સહમતીથી શારીરિક સંબંધ બાંધ્યા હતા, એટલે આ રેપનો કેસ નથી બનતો. જો કે કોર્ટે આરોપીના વકીલની દલીલને માન્ય રાખી હતી નહી.

**તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત**
**(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)**

**ડૉ. ધવલ સંઘવી**

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

**ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો**




**તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત**

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

**દરેક જગ્યાએ ઉપલબ્ધ**

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
**અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...**

**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી**

**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે**

ફાયદા :

(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..

(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.

(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..

(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..

**નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી. આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે**

**:: ફોન કરવા માટેનો સમય ::**
**સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ**

**૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-**
**૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-**


ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)
આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે

**આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી**

**સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨**
**જૂનાગઢ**




સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા....



# ૨૩ સપ્ટેમ્બરના દિવસને રાષ્ટ્રીય અવકાશ દિવસ તરીકે ઉજવાશે

## ચંદ્રયાન-૩ મિશનની ઐતિહાસીક સફળતાની ઉજવણી કરવા મંત્રી મંડળનો ઠરાવ



નવીદિલ્હી તા.૩૧

કેન્દ્રીય મંત્રીમંડળ ચંદ્ર પર ચંદ્રયાન-૩ મિશનની ઐતિહાસિક સફળતાની ઉજવણીમાં દેશ સાથે જોડાય છે. મંત્રીમંડળ આપણા વૈજ્ઞાનિકોની આ મહાન સિદ્ધિની પણ પ્રશંસા કરે છે. આ માત્ર આપણી અંતરિક્ષ એજન્સીની જીત નથી, પરંતુ વૈશ્વિક મંચ પર ભારતની પ્રગતિ અને આરોહણનું એક ઉજ્જ્વળ પ્રતીક છે. મંત્રીમંડળે આવકારઆપ્યો છે કે ૨૩મી ઓગસ્ટને "રાષ્ટ્રીય અવકાશ દિવસ" તરીકે ઉજવવામાં આવશે.

મંત્રીમંડળે ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ઈસરો)ને તેના પ્રયાસો બદલ અભિનંદન પાઠવ્યા છે. આપણા વૈજ્ઞાનિકોનો આભાર, ભારત ચંદ્રના દક્ષિણ ધ્રુવની નજીક ઉતરનાર પ્રથમ દેશ છે. આગાહી કરેલી ચોકસાઈ સાથે ચંદ્ર પર ઉતરાણ કરવું એ પોતે જ એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે. કઠિન પરિસ્થિતિઓને પાર કરીને ચંદ્રના દક્ષિણ ધ્રુવ નજીક ઉતરાણ કરવું એ આપણા વૈજ્ઞાનિકોની ભાવનાનો પુરાવો છે, જેમણે સદીઓથી માનવ જ્ઞાનની સીમાઓને આગળ વધારવાનો પ્રયાસ કર્યો છે. ચંદ્ર પરથી 'પ્રજ્ઞાન' રોવર દ્વારા મોકલવામાં આવતી માહિતીનો ખજાનો જ્ઞાનને આગળ વધારશે અને ચંદ્ર અને તેનાથી આગળના રહસ્યોની ભૂમિગત શોધો અને આંતરદૃષ્ટિ માટેનો માર્ગ મોકળો કરશે. મંત્રીમંડળ દ્રઢપણે માને છે કે, ટેકનોલોજીને લગતી ઝડપી પ્રગતિઓ અને નવીનતાની ખોજ દ્વારા પરિભાષિત આ યુગમાં ભારતનાં વૈજ્ઞાનિકો જ્ઞાન, સમર્પણ અને કુશળતામાં ચમકતી દીવાદાંડી સમાન છે. તેમની વિશ્લેષણાત્મક કુશળતા, તપાસ અને સંશોધન પ્રત્યેની ઉત્કટ પ્રતિબદ્ધતા સાથે જોડાઈ, સતત રાષ્ટ્રને વૈશ્વિક વૈજ્ઞાનિક સિદ્ધિઓમાં મોખરે લઈ ગઈ છે. ઉત્કૃષ્ટતાના તેમના અવિરત પ્રયાસો, અવિરત જિજ્ઞાસા અને પડકારોનો સામનો કરવાની અદમ્ય ભાવનાએ આંતરરાષ્ટ્રીય મંચ પર તેમની પ્રતિષ્ઠાને માત્ર મજબૂત જ નથી કરી, પરંતુ અસંખ્ય અન્ય લોકોને મોટાં સ્વપ્નો જોવા અને વૈશ્વિક જ્ઞાનના વિશાળ ચાકળામાં ફાળો આપવા માટે પણ પ્રેરણા આપી છે. મંત્રીમંડળને એ જોઈને ગર્વ થાય છે કે મોટી સંખ્યામાં મહિલા વૈજ્ઞાનિકોએ ચંદ્રયાન-૩ની સફળતામાં અને સામાન્ય રીતે ભારતના અંતરિક્ષ કાર્યક્રમમાં યોગદાન આપ્યું છે. આ આગામી વર્ષોમાં ઘણી મહત્વાકાંક્ષી મહિલા વૈજ્ઞાનિકોને પ્રોત્સાહિત કરશે. મંત્રીમંડળે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીને તેમના દીર્ઘદૃષ્ટા અને અનુકરણીય નેતૃત્વ તથા માનવ કલ્યાણ અને વૈજ્ઞાનિક પ્રગતિ માટે ભારતના અંતરિક્ષ કાર્યક્રમ પ્રત્યેની તેમની અડગ કટિબદ્ધતા બદલ અભિનંદન પાઠવ્યાં છે. આપણા વૈજ્ઞાનિકોની ક્ષમતાઓમાં તેમની શ્રદ્ધા અને તેમના સતત પ્રોત્સાહનથી હંમેશા તેમના જુસ્સાને મજબૂત બનાવવામાં આવ્યો છે. કોઈ પણ સરકારના વડા તરીકેના તેમના ૨૨ લાંબા વર્ષોમાં, પ્રથમ ગુજરાત રાજ્યમાં અને પછી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી તમામ ચંદ્રયાન મિશન સાથે ભાવનાત્મક જોડાણ ધરાવે છે. તેઓ મુખ્યમંત્રી તરીકે સેવા આપી રહ્યા હતા ત્યારે ભૂતપૂર્વ પ્રધાનમંત્રી શ્રી અટલ બિહારી વાજપેયીજીએ આ પ્રકારના મિશનના વિચારની જાહેરાત કરી હતી. ૨૦૦૮માં જ્યારે ચંદ્રયાન-૧નું સફળ લોન્ચિંગ કરવામાં આવ્યું ત્યારે તેમણે ઈસરોમાં જઈને વ્યક્તિગત રીતે વૈજ્ઞાનિકોને અભિનંદન પાઠવ્યા હતા. વર્ષ ૨૦૧૯માં ચંદ્રયાન-૨ના કિસ્સામાં, જ્યારે ભારત ચંદ્રની સપાટીથી અંતરિક્ષની દ્રષ્ટિએ માત્ર વાળની પહોળાઈથી દૂર હતું, ત્યારે પ્રધાનમંત્રીના વિચક્ષણ નેતૃત્વ અને માનવીય સ્પર્શે વૈજ્ઞાનિકોનો જુસ્સો વધાર્યો હતો, તેમના સંકલ્પને દૃઢ કર્યો હતો અને તેમને વધુ મોટા ઉદેશ સાથે આ મિશનને આગળ ધપાવવા માટે પ્રેરિત કર્યા હતા.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ હંમેશા વિજ્ઞાન અને નવીનતાને પ્રોત્સાહન આપ્યું છે. છેલ્લાં ૯ વર્ષમાં શ્રેણીબદ્ધ સુધારાઓની શરૂઆત થઈ છે, જેણે સંશોધન અને નવીનતાને વધુ સરળ બનાવી છે. અંતરિક્ષ ક્ષેત્ર માટે પ્રધાનમંત્રી મોદીએ એ સુનિશ્ચિત કર્યું હતું કે, ભારતમાં ખાનગી ક્ષેત્ર અને આપણાં સ્ટાર્ટઅપને વધારે તકો મળે. ઉદ્યોગ, શૈક્ષણિક સંસ્થાઓ અને સ્ટાર્ટ-અપ્સની ઈકો-સિસ્ટમ ઊભી કરવા તથા વૈશ્વિક અવકાશ અર્થતંત્રમાં મોટો હિસ્સો આકર્ષવા માટે અવકાશ વિભાગ હેઠળ એક સ્વાયત્ત સંસ્થા તરીકે આઈએન-એસપીએએસીની સ્થાપના જૂન, ૨૦૨૦માં કરવામાં આવી હતી. તે અંતરિક્ષની દુનિયામાં ભારતની હરણફાળ વધારવા માટેનું સાધન બની ગયું છે. હેકાથોન પર ભાર મૂકવાથી યુવા ભારતીયો માટે ઘણી તકો ખુલી છે.

મંત્રીમંડળે ચંદ્ર પર બે પોઈન્ટને તિરંગા પોઈન્ટ (ચંદ્રયાન-૨ના પદચિહ્ન) અને શિવશક્તિ પોઈન્ટ (ચંદ્રયાન-૩નું લેન્ડિંગ સ્પોટ) નામકરણ કરવાનું સ્વાગત કર્યું છે. આ નામો આધુનિકતાની ભાવનાને સ્વીકારતી વખતે આપણા ભૂતકાળના સારને સુંદર રીતે કેપ્ચર કરે છે. આ નામો માત્ર શીર્ષકો કરતાં વધુ છે. તેઓ એક એવો તંતુ સ્થાપિત કરે છે, જે આપણી વૈજ્ઞાનિક મહત્વાકાંક્ષાઓ સાથે આપણા સહસ્ત્રાબ્દી જૂના વારસાને જટિલ રીતે જોડે છે. ચંદ્રયાન-૩'ની સફળતા એ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ જે કહ્યું છે,"જય વિજ્ઞાન, જય અનુસંધાન"નો સૌથી મોટો પુરાવો છે. અંતરિક્ષ ક્ષેત્ર હવે ભારતીય સ્વદેશી સ્ટાર્ટ-અપ્સ અને એમએસએમઈ માટે વધુ ખુલશે અને લાખો રોજગારીનું સર્જન કરશે તથા નવી શોધને અવકાશ આપશે. તે ભારતના યુવાનો માટે સંભાવનાઓની દુનિયા ખોલશે. ચંદ્રયાન-૩ મિશનની સફળતાથી જે જ્ઞાન પ્રાપ્ત થશે, તેનો ઉપયોગ માનવતાના લાભ અને પ્રગતિ માટે કરવામાં આવશે, ખાસ કરીને વૈશ્વિક દક્ષિણના દેશોના લાભ અને પ્રગતિ માટે કરવામાં આવશે એમ સ્પષ્ટપણે જણાવીને પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ વધુ એક વાર વસુધૈવ કુટુમ્બકમમાં આપણા કાલાતીત વિશ્વાસની ભાવનાને પ્રગટ કરી છે. ભારતમાં પ્રગતિની જ્યોત હંમેશાં અન્યત્ર લોકોના જીવનને પ્રકાશિત કરવાનો પ્રયત્ન કરશે. મંત્રીમંડળનું માનવું છે કે અંતરિક્ષ ક્ષેત્રમાં ભારતની પ્રગતિ માત્ર મહાન વૈજ્ઞાનિક સિદ્ધિઓ કરતાં વિશેષ છે. તેઓ પ્રગતિ, આત્મનિર્ભરતા અને વૈશ્વિક નેતૃત્વના વિઝનનું પ્રતિનિધિત્વ કરે છે. આ નવા ભારતના ઉદયનું પણ પ્રતીક છે. અમે અમારા સાથી નાગરિકોને સેટેલાઈટ કમ્યુનિકેશન અને હવામાન વિજ્ઞાનથી લઈને કૃષિ અને આપત્તિ વ્યવસ્થાપન સુધીના ઉદ્યોગોમાં વધુ તકો ઉભી કરવા માટે આ પ્રગતિનો લાભ લેવા વિનંતી કરીએ છીએ. આપણે એ સુનિશ્ચિત કરવા માટે કામ કરવું જોઈએ કે આપણી નવીનતાઓને જમીન પર સીધી રીતે લાગુ કરવામાં આવે, આપણા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને વધારવામાં આવે, આપણા ડિજિટલ અર્થતંત્રને વેગ મળે અને વિવિધ ક્ષેત્રોને મહત્વપૂર્ણ ડેટા પ્રદાન કરવામાં આવે. વિજ્ઞાન, ટેકનોલોજી અને નવીનીકરણના આ યુગમાં મંત્રીમંડળે ખાસ કરીને શિક્ષણની દુનિયા સાથે સંકળાયેલા લોકોને અપીલ કરી છે કે તેઓ વિજ્ઞાન પ્રત્યે વધુને વધુ યુવાનોને પ્રેરિત કરે. ચંદ્રયાન-૩ની સફળતાએ આ ક્ષેત્રોમાં રસના તણખાને પ્રજ્વલિત કરવાની અને આપણા દેશમાં તકોની બારીનો લાભ ઉઠાવવાની એક મોટી તક આપી છે. આ સીમાચિહ્નરૂપ મિશનમાં પ્રદાન કરનાર દરેક વ્યક્તિની પ્રશંસા કરે છે અને તેની પ્રશંસા કરે છે અને સ્વીકારે છે કે ચંદ્રયાન-૩ ભારત જુસ્સા, ખંત અને અવિરત સમર્પણ સાથે શું હાંસલ કરી શકે છે તેનો ચમકતો પુરાવો છે. મંત્રીમંડળે એવો વિશ્વાસ પણ વ્યક્ત કર્યો છે કે, દેશનાં લોકો, તેમનાં હૃદય આનંદ અને ગર્વથી ઊભરાશે, વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતનું વિકસિત રાષ્ટ્ર બનવા માટે પોતાની જાતને પુનઃ સમર્પિત કરશે.

# જૂનાગઢમાં શ્રી નાથળિયા ઉનેવાળ બ્રહ્મ સમાજ ટ્રસ્ટ દ્વારા શ્રાવણી પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી







(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩૧

શ્રી નાથળિયા ઉનેવાળ બ્રહ્મ સમાજ ટ્રસ્ટ, જૂનાગઢ દ્વારા વર્ષોથી શ્રાવણી પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવે છે તે મુજબ ચાલુ સાલે તા.૩૦-૮-૨૩ને શ્રાવણ સુદ પૂનમ યાને બળેવ, રક્ષાબંધનના પવિત્ર પર્વની ઉજવણી જ્ઞાતિના વયોવૃધ્ધ વડિલ વ્રજલાલ કેશવજી દવેના અધ્યક્ષ સ્થાને જૂનાગઢ ખાતે ગાંધીગ્રામમાં ઉનેવાળ બ્રહ્મ સમાજની વાડીમાં તેજસ્વી વિદ્યાર્થીઓનો ભવ્ય સન્માન સમારંભ યોજાયેલ. આ સન્માન સમારંભની શરૂઆત દિપ પ્રાગટયથી કરવામાં આવી હતી. આ સમારંભમાં તેજસ્વી તારલા ડો.ચિન્મય જયભાઈ મહેતા તથા ડો. પ્રત્યુષ વિપુલભાઈ મહેતા અને પ્રો. કરણભાઈ જયેશભાઈ મહેતાનું ફૂલહારથી અને સન્માન પત્ર અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું ત્યારે તાળીઓથી હોલ ગાજી ઊઠયો હતો. ત્યારબાદ જ્ઞાતિના તેજસ્વી તારલાઓનું સન્માન ઈનામ તથા વિધાભ્યાસમાં ઉપયોગી થાય તેવી ગીફટો આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ. જેમાં શ્રી નાથળિયા ઉનેવાળ બ્રહ્મ સમાજ ટ્રસ્ટ, જૂનાગઢ દ્વારા ધો.૧૦ અને ધો.૧૨માં પ્રવાહમાં પ્રથમ, બીજા અને ત્રીજાને પુરસ્કૃત કરેલ અને ધો.૧ થી ૮માં પ્રથમ, બીજા અને ત્રીજાને શ્રી વસંતરાય આણંદજી ઓઝા તરફથી પુરસ્કૃત કરવામાં આવેલ. જયારે ધો.૯ થી કોલેજ સુધીમાં પ્રથમ, બીજા અને ત્રીજાને સ્વ.જટાશંકર પુરૂષોતમ મહેતા તથા સ્વ.જયાબેન જટાશંકર મહેતા તરફથી પુરસ્કૃત કરવામાં આવેલ. આ તકે કાશ્મીરાબેન શ્રોત્રીયએ સ્વરચિત રચના રજુ કરી હતી. આ સમારોહમાં સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી પ્રફુલભાઈ મહેતાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. જયારે નરેશભાઈ ઓઝા, ડો.ચિન્મય મહેતા, અતુલભાઈ મહેતા અને નરેન્દ્રભાઈ દવેએ પ્રાસંગિક પ્રવચનમાં તેજસ્વી તારલાઓને શાબાશી આપેલ અને જ્ઞાતિનો વિકાસ, એકતાને બિરદાવ્યા હતા તથા બળેવ એ બ્રહ્મ સમાજ માટે દિવાળીનો દિવસ ગણાય, બળેવની સૌને શુભેચ્છાઓ પાઠવી હતી. સમારંભના પ્રમુખ વ્રજલાલ કે. દવેએ સૌને શુભેચ્છાઓ પાઠવી અને તેમના આરોગ્ય અંગેની જાણકારી આપી હતી. સમારંભનું સફળ સંચાલન હિ.મો.મહેતાએ કર્યું હતું જયારે આભાર વિધિ યોગેશભાઈ ઓઝાએ કરી હતી. સમારંભના અંતે ઉપસ્થિત સૌએ સમુહ ભોજન કરેલ હતું. આ સમારંભને સફળ બનાવવા માટે સમગ્ર ટ્રસ્ટી મંડળ એ ભારે જહેમત ઉઠાવી હતી.

# ખંભાળિયાની વિદ્યાર્થિનીએ ગોલ્ડ મેડલ મેળવ્યો



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૩૧

નેશનલ સ્પોર્ટ્સ ડે નિમિત્તે તાજેતરમાં અંડર ૧૪ બાળાઓ માટેની ઓપન સ્કીપિંગ સ્પર્ધા તાજેતરમાં રાજકોટ ખાતે યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં ખંભાળિયા તાલુકાના વિરમદળ ગામે રહેતા સરપંચ ખીમાભાઈ આંબલીયાની ધોરણ ૯ માં અભ્યાસ કરતી સુપુત્રી દિયા આંબલીયાએ જિલ્લા કક્ષાએ ગોલ્ડ મેડલ મેળવી અને નાના એવા વિરમદળ સાથે રાજકોટની ધોળકિયા સ્કૂલનું ગૌરવ વધાર્યું છે.

# ધામળેજના અંધ બાળકોએ રક્ષાબંધન પર્વની આસ્થા પૂર્વક ઉજવણી કરી

(પ્રતિનિધિ દ્વારા)

પ્રાચી તીર્થ તા.૩૧



ધામળેજના અંધ બાળકોએ રક્ષાબંધનની ઉજવણી કરી હતી. ભાઈ-બહેનને પવિત્ર તહેવાર એટલે કે રક્ષાબંધન દિવસે બહેન ભાઈને તિલક કરે છે અને રાખડી બાંધે છે અને મીઠાઈ ખવડાવે છે. ભાઈ બહેન કંઈક વસ્તુ ભેટ આપે છે. સુત્રાપાડા તાલુકાના ધામળેજ ગામે રહેતા સામતભાઈ રામભાઈ સેવરાના જન્મથી ત્રણ બાળકો અંધ છે. જેમાં જાગૃતિબેન, કૌશિકભાઈ, જીગ્નેશભાઈ જન્મથી જ અંધ છે. જેમાં બંને દીકરાઓને તબલા, પેટી અને ભજનનો બહુ શોખ ધરાવે છે. સામતભાઈએ જણાવ્યા મુજબ તેઓને ત્રણે બાળકો જન્મથી અંધ છે, પોતે મજૂરી કામ કરીને ઘરનું ગુજરાન ચલાવે છે. આજે ઘરે રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી.

(તસ્વીર : જાદવભાઈ ચુડાસમા)

# રક્ષાબંધનનાં પર્વ પ્રસંગે જૂનાગઢ જીલ્લામાં સી ટીમ દ્વારા ૧૦૬૨ લોકોને રક્ષા કવચ અપાયું





(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૩૧

જૂનાગઢ જિલ્લા પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં આવેલ વૃધ્ધાશ્રમ તથા અનાથાલય ખાતે મુલાકાત લઈ એકલવાયું અને નિરાધાર જીવન જીવતા હજારો લોકો કે જેઓનું આ દુનીયામાં કોઈ નથી અથવા તો હોવાછતા કોઈ તેમની પાસે નહિ હોવાના કારણે દુખી નીરાધાર જીવન જીવતા હજારો વૃધ્ધો અનાથોને વૃધ્ધાવસ્થા, એકલવાયું જીવન જીવતા હજારો વૃધ્ધો, અનાથોને તેમજ સીનીયર સીટીજનની રક્ષાબંધન તહેવાર નીમીતે તેમના પણ કોઈ સગા છે કે તેઓ એકલા નથી તેમની સાથે હર હંમેશ પોલીસ છે તેવી ભાવના, ઉમીદ ઉજાગર કરી ''પોલીસ પ્રજાનો મિત્ર'' સુત્રને સાર્થક જૂનાગઢ જિલ્લા ''સી'' ટીમ દ્વારા કરવામાં આવેલ. જિલ્લામાં દરેક પોલીસ સ્ટેશન વાઈઝ એક ''સી'' ટીમની રચના કરવામાં આવેલ છે. આ ''સી'' ટીમ દ્વારા જિલ્લામાં આવેલ કુલ-૧૮ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ વૃધ્ધાશ્રમ, અનાથાલય તેમજ સીનીયર સીટીજન કે જેઓ એકલવાયું જીવન જીવતા હોય કે તેઓની કોઈ દરકાર ન લેતું હોય તેવા વ્યકિત કે જેઓ તેઓ એકલા હોવાના કારણે પોતાને અસમર્થ હોવાની ભાવના સાથે જીવન જીવતા વૃધ્ધો, વડીલો, અનાથોને તેઓ એકલા નથી તેઓની સાથે હંમેશા જૂનાગઢ જિલ્લા પોલીસ ખડે પગે છે. તેવી ભાવના આજરોજ જૂનાગઢ જિલ્લા ''સી'' ટીમ દ્વારા આપવામાં આવેલ. જૂનાગઢ જિલ્લા સી ટીમ દ્વારા જૂનાગઢ જિલ્લામાં કુલ-૧૦૬૨ લોકોને રક્ષાબંધનના દિવસે રક્ષા કવચ બાંધી તેમની સાથે પોલીસ હરહંમેશ છે તેવી ભાવના, ઉમીદ ઉજાગર કરવામાં આવેલ હતી.

# માંગરોળના ધોબીવાડામાં જુનવાણી મકાનનો ધાબો ધરાશાયી થયો



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૩૧

માંગરોળમાં ધોબીવાડામાં લાલજી મંદીર નજીક આવેલા જુનવાણી મકાનનો ધાબો ગઈકાલે બપોરના સમયે ઘસી પડ્યો હતો. થોડા સમય પહેલા અહીં બે બહેનો રહેતી હતી. હાલમાં કયારેક તેઓ ફકત સાફસફાઈ માટે આવતી હોય, કેટલાક સમયથી મકાન બંધ હાલતમાં હતું. પરિણામે જાનહાનિ ટળી હતી. પીઢીયા અને મોભ ધરાશાયી થતાં રૂમમાં રહેલા સામાનનો કડૂસલો બોલી ગયો હતો.



# ૧૦૮ ટીમ દ્વારા પવિત્ર રક્ષાબંધન પર્વની ઉજવણી

(પ્રતિનિધિ દ્વારા)

પ્રાચી તીર્થ તા.૩૧

ગીર-સોમનાથ જિલ્લામાં ૧૦૮ના સ્ટાફ દ્વારા રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી તથા જેમનો કોઈ આધાર ન હોય તેવા નિરાધાર લોકોને રાખડી બાંધી રક્ષાબંધનની ઉજવણી કરી હતી. ૧૦૮ સ્ટાફ દ્વારા વધુ એક માનવતા અને સેવાનું ઉત્તમ ઉદાહણ પૂરૂ પાડવામાં આવ્યું છે.

# સોમનાથ વેરાવળ બ્રહ્મસમાજનું ગૌરવ વધારતી હિરવા જોશી



(પ્રતિનિધિ દ્વારા)

પ્રાચી તીર્થ તા.૩૧

તાજેતરમાં તા.૨૭મી ઓગસ્ટ ૨૦૨૩ના રોજ રાજકોટ ખાતે હિમાંશુ મકવાણા અને એકટર મોનલ પટેલ તેમજ ધી મકવાણા પ્રોડકશનની ટીમ દ્વારા ગુજરાત ફેશન સ્ટાર-૨૦૨૩ સીઝન-૨ ફેશનશોનું સફળ આયોજન કરેલ હતું. જેમાં ફેશન કોરીયોગ્રાફર હર્ષ મોટીયાની, મીસ ઈન્ડીયા નિશા ચાવડા તેમજ મોડેલ અને એકટર ફાલુ દવે, નિર્ણાયક તરીકે ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાતના અલગ - અલગ મેગા સીટીમાંથી ઘણા મોડેલ પાર્ટીસીપેટ કરવા આવ્યા હતા. જેમાં કીડસ કેટેગરીમાં હાલ વેરાવળ(મુળ બગવદર-પોરબંદર)ના સુરેશ રમણીકલાલ જોષી તથા માધવી સુરેશ જોષીની પુત્રી હિરવા જોષી(ઉ.વ.૭)એ તેમનું બેસ્ટ પર્ફોમન્સ આપી કીડ્સ કેટેગરીમાં ફર્સ્ટ રનર-અપનું સ્થાન મેળવી નિર્ણાયક તેમજ હિમાંશુ મકવાણા તથા એકટર મોનલ પટેલ તેમજ રાજકોટ જેસલરાજ ચેરીટેબલ ટ્રસ્ટનાં પ્રેસીડેન્ટ પુજાબા વનરાજસિંહ જાડેજા તથા ડી.કે. ૭ ન્યુઝ ચેનલ, રાજકોટના હસ્તે ટ્રોફી તથા સર્ટીફીકેટ મેળવી જોષી પરિવાર તથા બ્રહ્મ સમાજનું નામ રોશન કરેલ હતું. આ ફેશન શોનું હોસ્ટીંગ દેવ્યાની જાગડ-રાજકોટએ કરેલ હતું.

(તસ્વીર : જાદવભાઈ ચુડાસમા)

# જૂનાગઢ જલારામ ભક્તિધામ ખાતે રઘુવંશી સમાજ દ્વારા સમુહ જનોઈ ધારણ કરવાનો કાર્યક્રમ સંપન્ન




જૂનાગઢ, તા.૩૧

જૂનાગઢ ખાતે આવેલા જલારામ ભક્તિધામ ખાતે રક્ષાબંધન પર્વ પ્રસંગે સમૂહ જનોઈ ધારણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

જલારામ ભક્તિ ધામ ખાતે ગઈકાલે વહેલી સવારથી જ અનેકવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. જેમાં પ્રથમ પૂનમ હોવાથી જલારામ બાપાના મંદિરના શિખર ઉપર ધજાજી ચઢાવવામાં આવી હતી જેના મનોરથી ચેતનભાઈ રાજા પરિવાર હતો. આ પરિવારે પણ ધામધૂમથી ધજાજી ચડાવી હતી ત્યારબાદ સોલાર પ્લાન્ટ અને ભોજનશાળા ઉપર ડોમના દાતા દ્વારા લોકાર્પણ કરવામાં આવ્યું હતું જેના દાતા ડો.આહિયા હતા. રઘુવંશી સમાજના શાશ્વત ગોર આનંદભાઈ પેરાણી દ્વારા શાસ્ત્રોક્ત વિધિ દ્વારા સમૂહમાં જનોઈ ધારણ કરાવવામાં આવી હતી આનંદભાઈ પેરાણી એ પણ જણાવ્યું હતું કે રઘુવંશી સમાજ ક્ષત્રિય સમાજ છે અને જનોઈનું શું મહત્વ છે. રઘુવંશી સમાજ શા માટે જનોઈ ધારણ કરે છે તે શાસ્ત્રોકત રીતે સમજાવી અને




જનોઈ ધારણ કરાવી હતી. જલારામ ભક્તિ ધામના ટ્રસ્ટી પ્રો.પી.બી ઉનડકટના માર્ગદર્શન હેઠળ કાર્યકર્તાઓએ કાર્યક્રમનો સફળ બનાવ્યો હતો. આ તકે પ્રો.પી.બી. ઉનડકટ દ્વારા જલારામ ભકિતધામ ખાતો યોજાતી સેવાકીય કામગીરી તેમજ ધાર્મિક પ્રસંગોની ઉજવણી સહિતના કાર્યો અંગેની વિગતો આપવામાં આવી હતી.

# પ્રાંચી તીર્થ ખાતે સમસ્ત બ્રાહ્મણો સમૂહમાં બળેવની ઉજવણી

(જાદવ ચુડાસમા દ્વારા)

પ્રાંચી, તા.૩૧



સુપ્રસિદ્ધ યાત્રાધામ પ્રાચી તીર્થ ખાતે પવિત્ર સરસ્વતી ઘાટ ઉપર ગઈકાલે સમસ્ત બ્રાહ્મણ દ્વારા સમૂહમાં બળદેવની ઉજવણી કરવામાં આવી હતી. હિન્દુ શાસ્ત્ર ધર્મમાં યજ્ઞોપવિતનું ખૂબ જ મહત્વ છે. સામાન્ય રીતે તમામ હિન્દુઓએ નિશ્ચિત ક્રિયાઓ કરવા યજ્ઞોપવિત ધારણ કરવું ફરજિયાત છે પરંતુ યજ્ઞોપવિતના નીતિ નિયમો પાળવા અઘરા હોય છે. તે યજ્ઞોપવિત પ્રતિ વર્ષ બદલાવવા માટે શ્રાવણીય પર્વ બળેવનું શુભ મુહૂર્ત નિધારેલ હોય છે. તે બ્રહ્મત્વને બળ પૂરૂ પાડતા બળદેવની ઉજવણી કરવામાં આવી હતી.

# ઉના શહેર સમસ્ત બ્રહ્મ સમાજ દ્વારા યજ્ઞોપવિત ધારણ કરવા યોજાયો કાર્યક્રમ



(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૩૧

શ્રાવણી પર્વ બળેવના દિવસે ઊના સમસ્ત બ્રહ્મ સમાજના શહેર અને તાલુકાભરમાંથી મોટી સંખ્યામાં પરશુરામના વંશજો ઋષિ પુત્રોએ ઊનાથી આમોદ્રા જતા રોડ ઉપર આવેલ શ્રી ખોડીયાર માતાજીના મંદિરના આશ્રમે સમુહમાં જનોઈ બદલાવવાની વિધિ વિદ્વાન શાસ્ત્રીઓએ પૂર્ણ કરવી હતી. મહા આરતી બાદ ગગન ભેદી જયશ્રી પરશુરામના નારા સાથે બ્રહ્મ એકતાના દર્શન કરાવેલ હતા. તમામ ભૂદેવો એક બીજાને પ્રણામ કરી શુભ કામનાઓ આપી હતી. ત્યારબાદ તમામ બ્રહ્મ સમાજ સહ પરિવારો સાથે સમુહમાં ભોજન લીધુ હતું.

## જયાં શ્રાવણ મહિનમાં શિખર ઉપર ચાઢવવામાં આવે છે બીલીપત્ર

# લોઢવા ગામે સ્મશાન પાસે આવેલ મહાદેવનું પ્રાચીન મંદિર

(ભોળા જાદવ દ્વારા)

લોઢવા, તા.૩૧



લોઢવા ગામ પવિત્ર ભુમી સ્મશાન પાસે તણસા તિર્થથી પ્રખ્યાત પ્રાચીન તપોભૂમિ આવેલ. આ તપો ભૂમિ ઉપર ભૃગુ ઋષીએ તપ કરીને આ ભૂમિને તપની ભૂમિ તરીકે જાણીતી આ પવિત્ર ભૂમિ પાસે એક મોટો વોકળો આવેલ છે અને બાજુમાં લોઢવા બળેવલા, સીંગસર વગેરે ગામના સ્મશાન ભુમી આવેલ અને એક ભૃગુ ઋષીનો આશ્રમ આવેલ છે, આ વિસ્તારમાં તણસા તરીકે આ ભૂમિ ઓળખાય છે. લોક વાયકા મુજબ આ તણસા તિર્થનું તણસા જેટલું બધાતિર્થ તરીકે મહત્વ વધુ હોવાથી તણસા તરીકે પણ ઓળખાય છે. લોક વાયકા મુજબ તણસા તરીકે પણ ઓળખાય છે. લોક વાયકા મુજબ તણસા તિર્થ પાસે વોકળામાં ભૃગુઋષીએ એક શિવ મંદિરની સ્થાપના કરેલ છે તેમજ બાજુમાં એક કુંડ બનાવવામાં આવેલ છે. આ મંદિરની બીજી એક વિશિષ્ટા એવી છે કે, અન્ય મંદિરોમાં શિવની પૂજા કરતા લોકોનું મુખ આઠમણી દિશામાં હોય છે પરંતુ આ મંદિરમાં પુજા કરતા લોકોનું મુખ ઉગમણી દિશામાં હોય છે. આ બ્રહ્મનાથ મહાદેવની પૂજા ભૃગુઋષીએ તથા પાંડવોએ પુજા કરેલ છે. શ્રાવણ મહિનામાં આ મંદિર સંપૂર્ણ પાણીમાં ડુબેલું હોય છે. ફકત શિખરની ટોચ દેખાતી હોય છે. શ્રાવણ મહિના શિવ ભકતો દ્વારા સવાલાખ બીલીપત્રથી પૂજન કરવામાં આવે છે પરંતુ બીલીપત્ર શિવ લીંગ પાણીમાં ડુબેલી હોય તેથી ભકતો પાણીમાં ઉભી શિવ મંદિર ઉપર ચઢાવીને પૂજા કરે છે. ભકતો દ્વારા દર સોમવારે થાળ ધરે છે અને શ્રાવણ મહિનાના અંતે યજ્ઞ કરીને પૂજા પૂર્ણ કરે છે. શિવ લીંગને બદલે પાણીમાં ભીને શિવ પૂજા થી હોય તેવું આ મંદિરનો શિવપુરાણમાં પણ ઉલ્લેખ કરવામાં આવેલ છે.

# માંગરોળ તાલુકા સર્વોદય સેવા સમિતિ આયોજીત અંધજન મંડળ અમદાવાદ દ્વારા વિકલાંગોને નિઃશુલ્ક સાધન સહાય નિદાન કેમ્પ યોજાયો



(નિલેશ રાજપરા દ્વારા)


માંગરોળ તા.૩૧

જૂનાગઢના માંગરોળ કલ્યાણધામ ખાતે વિકલાંગ વ્યકિતઓને જરૂરિયાત મુજબના સાધનો સહાય કરવા અને તેમને સ્વરોજગાર મળી રહે તે માટે વર્ષોરથી લોકોની સેવામાં રત છે તેવી સંસ્થા સર્વોદય સેવા સમિતી અને અંધજન મંડળ વસ્ત્રાપુર અમદાવાદના સયુંકત ઉપક્રમે ત્રણ જીલ્લાના અંધજનો અને અપંગ લોકો માટે સાધન સહાય એસેસમેન્ટ કેમ્પનું આયોજન કરાયું હતું. જેમાં વિકલાંગોને હાથ, પગ, કાન, અંધ વૃધ્ધજનોને જરૂરીયાત મુજબ સાધનો જેમાં ટ્રાયસીકલ વ્હીલચેર, કાંખ ઘોડી, હાથ-પગના કેલીપર્સ, બુટ વોકર તથા નાની ઉમરના બાળકોને કાને સાંભળવાના મશીન સહિત વિવિધ સાધનો આપવા માટે તેમની માપ સાઈઝ અને ડોકયુમેન્ટ તપાસ સહિતની જાણકારીની નોંધ લઈ આગામી ૨૪ સપ્ટેમ્બર૨૦૨૩ના રોજ સાધન વિતરણ અને સ્વરોજગારી માટેના પ્રમાણપત્રો આપવામાં આવશે.

## ''ઘેલા સોમનાથ''ના શ્રાવણી મેળામાં શિવભકતો ઉમટયા

# વિદેશી આક્રમણોથી બચાવવા "સોમનાથ"ના પ્રાચીન શિવલિંગને રાજકોટ જીલ્લાના સોમ પીપળીયા ગામે સ્થાપિત કરાયું જે "ઘેલા સોમનાથ"ના નામે ઓળખાયું

**આકર્ષક એમ્યુઝમેન્ટ પાર્ક, સ્નાનઘર, યજ્ઞશાળા, યાત્રાળુઓ માટે રહેઠાણની આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ : બંને સમય ભોજન પ્રસાદીની સુવિધા : ગૌશાળામાં ૧૫૦ ગાયોનો નિભાવ : રૂા. દસ કરોડથી પણ વધુ રકમના મીનળદેવી માતાજી મંદિરના વિકાસ કામો પ્રગતિમાં**







(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૩૧

હાલમાં યાત્રાધામ ઘેલા સોમનાથના શ્રાવણી મેળામાં ભારતભરમાંથી માનવ મહેરામણ ઉમટતો રહે છે. આ તીર્થસ્થાન અનેક નાગરિકોનું આસ્થાસ્થાન છે. શ્રાવણ મહિનામાં ભારતભરમાંથી અહીં યાત્રાળુઓ આવે છે. સમગ્ર શ્રાવણ માસ દરમ્યાન ચાલનારા આ મેળામાં અનેક ધાર્મિક કાર્યક્રમો લોકડાયરા, સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાઈ રહયા છે. આ મેળાનું સમગ્ર આયોજન રાજકોટ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા કરવામાં આવ્યું છે. ત્યારે આ "ઘેલા સોમનાથ"નો સોમનાથ સાથેના જોડાણનો ઈતિહાસ રસપ્રદ બની રહેશે. વિક્રમની ૧૫ મી સદી એટલે કે વિક્રમ સંવત ૧૪૫૭ની આસપાસ ગુજરાત ઉપર સુલતાન જાફર મોહમદની આણ વર્તાતી હતી. ત્યારે જૂનાગઢ ઉપર કુંવર મહિપાળનું શાસન ચાલતું હતું. ચંદ્રએ આરાધેલા સોમનાથ મહાદેવ પર રા'મહિપાલને તથા રાણી મિનલદેવીને અનન્ય શ્રદ્ધા હતી. સુલ્તાન જાફર સોમનાથ ઉપર ચઢી આવે છે એવી જાણ થતાં રા'એ તમામ શાખાના ક્ષત્રિયોને સોમનાથની સખાતે ચઢતા કહેણ મોકલ્યા. લાઠીથી નોંઘણજી ગોહિલના પુત્ર હમીરજી ગોહિલ પોતાના કારભારી વેણીદાસ ગોરડિયા (કપોળ વણિક)ને સાથે લઈ સોમનાથની વ્હારે ચાલી નીકળ્યા. સોમનાથને રસ્તે જતાં કુંવર હમીરજી સાથે ગોરડકાથી ત્રીસ ઘોડેસ્વારો થયા. વેણીદાસ ગોરડિયાના ચારેય પુત્રો ગોગન, ઘેલો, ગોઈયો અને કરશનજી તેમજ વેજલ ભટ અને મેહુર ભરવાડ પણ હમીરજી સાથે સોમનાથના રક્ષણ કાજે નીકળી પડ્યા. સૌ ક્ષત્રિય સોમનાથની વાટે જઈ રહ્યા હતા. પ્રભાસના ગોંદરે જૂનાગઢના રાજવી, વળાના ક્ષત્રિયો, ચુડાસમાઓ વગેરે ક્ષત્રિયો, 'સોમનાથ દાદા' ને પોતપોતાના પ્રદેશમાં ખસેડી જવાની વાતો કરી રહ્યા હતા. તે દરમ્યાન 'હિરાગરજી' સામા મળ્યા. તેમણે કહ્યું કે ''હું પ્રભાસથી આવું છું 'સોમનાથ દાદા'એ મને સ્વપ્રમાં કહ્યું છે કે 'સોમનાથ પાલખીએ ચઢે- આગળ પોઠિયો પડે-જયાં જયાં પોઠિયો જાય ત્યાં ત્યાં દાદો જાય, પોઠિયો બેહક પડે ત્યાં સ્થાપન થાય' (અસલ ભાષામાં) (અર્થાત સોમનાથ લિંગને પાલખીમાં પધરાવવું, આગળ તેમનો પોઠિયો ચાલે અને તેની પાછળ પાલખી ચાલે, પોઠિયો જયાં બેસી જાય ત્યાં લિંગનું સ્થાપન થાય.) હિરાગરજીની આ વાત સૌને ગળે ઉતરી, અને સૌએ કહ્યું કે '''ભલે ભલે 'સોમનાથ દાદા'ની મરજી હોય ત્યાં જાય. '' ત્યાર પછી બધા પ્રભાસ પહોંચ્યાં. ''દાદા''ની પાલખી તૈયાર કરાવી, '''દાદા'''ની બાણને (લિંગ)ને પાલખીમાં પધરાવ્યું. જ્યારે સુલ્તાનને ''દાદા''ની પાલખી ''ગોરડકે'' પહોંચ્યાના વાવડ મળ્યા ત્યારે તેના સૈન્યે ગોરડકાને ઘેર્યું. આ વખતે ધિંગાણું થયું. તેમાં ગોઈયો (વેણીદાસ ગોરડિયાનો દીકરો) મરાયો, તેની યાદમાં ગોરડકામાં વાવ પાસે તેની ખાંભી કરવામાં આવી. આ વાવને ''ગોઈયાની વાવ'' કહેવામાં આવે છે જે હાલ પણ મોજુદ છે, ''સોમનાથ દાદા'''ની પાલખી આગળ ને આગળ નીકળી ગઈ છે, તેવા વાવડથી સુલતાન તેની પાછળ પડયો. ગોરડકાથી ચાલીશ કોશ દૂર ભડલી અને માલગઢના માર્ગે પાલખી પહોંચી ત્યાં સુલ્તાનનું સૈન્ય જઈ પહોંચ્યું. આ વખતે ચુડાસમાનું રક્ષકદળ જે પાલખીની ફરતે ચાલતું હતું તેમાં ઘેલો ગોરડિયો પાલખીમાંથી કૂદી પડ્યો. પાલખી આગળ વધતી ચાલી, ઘેલો ગોરડિયાની સરદારી હેઠળ સુલ્તાનના સૈન્ય સાથે આઠ દિવસ સુધી ધિંગાણું ચાલ્યું...

''ગોમન, ઘેલો, ગોઈયો, કરશન, વેજલ ભટ્ટ ...

સોમનાથ, શરણે ગયા, રાખી ધારિયા વાટ...."

જ્યારે એક બાજુ ધીંગાણું ચાલતું હતું ત્યારે બીજી બાજુ ભડલી અને માલગઢથી બે કૌશ દૂર ''પોઠિયો'' બેહક પડ્યો. ત્યાં આગળ તે જ જગ્યાએ ભગવાન સોમનાથનું સ્થાપન વેજલ ભટ્ટે કરાવ્યું અને પૂજા ભણાવી. ઘેલા ગોરડિયાને અમર બનાવવા આ સ્થાનકને "ઘેલા સોમનાથ"નું નામ આપવામાં આવ્યું. ઘેલા સોમનાથની સ્થાપનાના દિવસોમાં સુલ્તાનના સૈન્યના વેરણછેરણ થયેલા સૈનિકો ત્યાં ચઢી આવ્યા અને ત્યાં જ ધિંગાણું થયું. તેમાં વેજલ ભટ્ટ મરાયા. આ વખતે દાદાના બાણ ઉપર પણ તલવારના પ્રહારો પડ્યા હતા. જે આજે પણ શિવલીંગ પર કળાય છે. નદી કિનારે આવેલ ઘેલા સોમનાથ મંદિરની સામે જ પર્વત ઉપર જૂનાગઢના રાણી મિનળ દેવીએ સમાધિ લીધી હતી ત્યાં મીનળદેવીનું મંદિર પણ છે.

બોકસ...

ઘેલા સોમનાથ મંદિરનું સંચાલન રાજકોટ જિલ્લા પ્રવાસન વિકાસ સમિતિ દ્વારા થાય છે. જેના દ્વારા આ તીર્થસ્થળનો સગવડભર્યો સુંદર વિકાસ થઈ રહયો છે. અહીં સત્સંગ હોલ, આકર્ષક બગીચાઓ, સ્નાનઘર, યજ્ઞશાળા, યાત્રાળુઓ માટે રહેવાની આધુનિક સુવિધાઓ પણ ઉપલબ્ધ છે. બંને સમય ભોજન પ્રસાદી પણ વિનામૂલ્યે અપાય છે. ટ્રસ્ટની પોતાની જ ગૌશાળા પણ છે. જેમાં ૧૫૦ જેટલી નાની મોટી ગાયો નિભાવ થાય છે. આ ઉપરાંત રૂા.દસ કરોડથી પણ વધુ રકમના શ્રી મીનળદેવી માતાજી મંદિરના વિકાસ કામોનું ખાતમુહૂર્ત અને શ્રી ઘેલા સોમનાથ મંદિર ટ્રસ્ટની વેબસાઈટનું લોંન્ચીંગ તથા ઘેલા સોમનાથ મંદિર નજીકમાં એમ્યુઝમેન્ટ પાર્કના લોકાર્પણ થયા છે. જેનાથી યાત્રિકોને વધુ સગવડો મળશે અને પ્રવાસનને વેગ મળશે. અંદાજિત રૂા.૧,૮૬,૨૬,૦૦૦ ના ખર્ચે વિવિધ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. મીનળદેવી મંદિરનું રાજસ્થાની સેન્ડ સ્ટોનથી મારબલ ફલોરીંગ અંદાજિત રૂા. ૧૬,૯૦,૦૦૦ના ખર્ચે, મંદિર ટેકરી ઉપર જવા માટે ૩.૬૫ મીટર પહોળાઈના પગથીયા તથા રેલીંગનું કામ રૂા.૪૪૫૬૦૦૦ના ખર્ચે, રૂા.૬ લાખના ખર્ચે પગથીયાની બન્ને તરફ વચ્ચેના ભાગમાં વિશ્રામ કુટીર, રૂા.૪૪,૭૫,૦૦૦ના ખર્ચે ટેકરીની ઉપરના ભાગમાં ગાર્ડન તથા રમતગમતની રાઈડ, રૂા.૨૫,૬૫,૦૦૦ ના ખર્ચે કમ્પાઉન્ડ વોલ, રૂા.૩,૪૦,૦૦૦ના ખર્ચે પગથીયા પાસે સેન્ડ સ્ટોનની ડેકોરેટીવ પ્રવેશદ્વાર, રૂા.૨,૦૦,૦૦૦ લાખના ખર્ચે ધ્વજા દંડ શિખર ઉપરનું સ્ટીલ પ્લેટફોર્મ તથા સ્ટીલ સીડી તથા રૂા.૨૧,૫૦,૦૦૦ના ખર્ચે સબમર્શીબલ પંપ, વોટર પંપ, વોટર સ્ટોરેજ ટેક તથા પાઈપ લાઈન તથા રૂા.૨૧,૫૦,૦૦૦ના ખર્ચે પાવર સપ્લાયની સુવિધાઓ પુરી પાડવામાં આવશે.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

તંત્રી લેખ

# વિશ્વની નજરે ભારત એક મહાશકિતનાં રૂપમાં

કરોડો ભારતીયોની પ્રાર્થના અને ઈસરોના વૈજ્ઞાનિકોની બુધ્ધિ અને તેમના અથાગ પ્રયાસોથી ચંદ્રયાન-૩ અંતે ચંદ્ર પર પહોંચી જ ગયું. આ મહત્ત્વાકાંક્ષી અભિયાને ભારતના લોકોને ગર્વથી ભરી દીધા અને આખા દેશમાં એક સુખદ અનુભૂતિ અને ઊર્જાની લહેર દોડી ગઈ. આ મહા અભિયાન સફળ થવાથી ભારતવાસીઓમાં એક આત્મવિશ્વાસ જાગ્યો છે કે હવે આપણે કોઈપણ જટિલમાં જટલિ કાર્યને પૂર્ણ કરી શકીએ છીએ અને વિશ્વમાં એવું કોઈ કામ નથી, જે આપણે ન કરી શકીએ. ઈસરો એક અરસાથી સફળતાની ગાથા લખી રહ્યું છે. તેણે ખુદને વિશ્વભરમાં પ્રતિષ્ઠિત કરી લીધું છે. સેટેલાઈટ મોકલવામાં ઈસરોએ પોતાની જે મહારથ હાંસલ કરી છે, તે તો પોતાની જગ્યાએ છે જ, પરંતુ ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર લેન્ડર વિક્રમનું સોફ્ટ લેન્ડિંગ કરાવીને તેણે વિશ્વના તમામ ઉન્નત દેશોને પાછળ છોડી દીધા. ભારતે એ કરી બતાવ્યું, જે દુનિયાનો કોઈ દેશ નથી કરી શક્યો. આ જ કારણ છે કે વિશ્વ સમુદાય હવે ભારતને વધુ ઝડપથી ઉભરતી મહાશક્તિ રૂપે જોઈ રહ્યું છે. ઈસરોએ પોતાના ચંદ્રયાન-૩ અભિયાનને ન માત્ર બહુ ઓછી કિંમતે પૂરું કર્યું, પરંતુ એક રીતે પોતાના જોરે કર્યું. આ જ કારણે દુનિયા ઈસરો સાથે ભારતના ગુણગાન ગાઈ રહી છે.

વડાપ્રધાન મોદીએ ચંદ્રયાન-૩ અભિયાન સફળ થતાં શુભેચ્છા આપતાં યોગ્ય જ કહ્યું કે આ વિકસિત ભારતનો શંખનાદ છે અને નવા ભારતનો જયઘોષ છે તથા ઈસરોની આ સફળતા ૧૪૦ કરોડ દેશવાસીઓને ઉત્સાહ અને ઉમંગ પ્રદાન કરનારી છે. વડાપ્રધાને એ પણ યોગ્ય જ કહ્યું કે ભારતની આ ઉડાન ચંદ્રયાનથી પણ આગળ જશે અને જલ્દી સૂર્યના વિસ્તૃત અધ્યયન માટે ઈસરો આદિત્ય એલ-૧ મિશન પણ લોન્ચ કરશે. ત્યારબાદ સૌરમંડળને પરખવા માટે બીજા અભિયાન પણ શરૂ કરવામાં આવશે. વાસ્તવમાં એ ક્ષણે ભારતમાં નવી ઊર્જા, નવા વિશ્વાસ અને નવી ચેતનાનો સંચાર કર્યો, જે ક્ષણે ચંદ્રયાનનું લેન્ડર ચંદ્રની સપાટી પર ઉતર્યું. તેને વડાપ્રધાને એમ કહીને સારી રીતે રેખાંકિત કર્યું કે જ્યારે આપણે આપણી આંખો સામે ઈતિહાસ બનતાં જોઈએ છીએ તો જીવન ધન્ય થઈ જાય છે અને એવી ઐતિહાસિક ઘટનાઓ જીવનમાં ચિરંજીવ ચેતના બની જાય છે.

ચંદ્રયાન-૩ અભિયાનની સફળતાથી ભારતીય વૈજ્ઞાનિકોમાં જે નવી ઊર્જાનો સંચાર થયો છે, તેનાથી અન્ય અનેક લોકો અને વિશેષ રૂપે ટેકનિક વિશેષજ્ઞો અને એન્જિનિયરોએ પણ પ્રેરણા લેવી જોઈએ. તેની અવગણના ન કરી શકાય કે ભારત સામે કેટલાય એવા પડકારો છે, જે નિમ્ન સ્તરીય એન્જિનિયરિંગને કારણે સમસ્યાઓ પેદા કરી રહ્યા છે. આ સમસ્યાઓથી પાર પામવાની જરૂર છે. વાત ચાહે આધારભૂત માળખાના નિર્માણની હોય કે શહેરી અને ગ્રામીણ ક્ષેત્રોમાં કરવામાં આવતા વિકાસના કાર્યોની, દરેક જગ્યાએ સુધાર જરૂરી છે. ઈસરોએ ચંદ્રયાન-૩ અભિયાનને સફળ બનાવવા માટે જે દક્ષતાનો પરિચય આપ્યો, તે આખી દુનિયા માટે એક દૃષ્ટાંત છે. આ અભિયાનની બારીકીઓમાં જઈને તેને સફળ બનાવવાનું જેવું કામ કરવામાં આવ્યું, તેવું અન્ય ક્ષેત્રોમાં પણ એટલા માટે કરવું જોઈએ, કારણ કે કેટલીય વાર નિર્માણ કાર્યોની ગુણવત્તા કે પછી તેની ડિઝાઈન ઉતરતા દરજ્જાની રહે છે.

ચંદ્રયાન-૩ની સફળતા પાછળ ચંદ્રયાન-૨ની અસફળતામાંથી લેવામાં આવેલ બોધપાઠ પણ છે. ૨૦૧૯માં જ્યારે ચંદ્રયાન-૨ પોતાનું અભિયાન પૂરું ન કરી શક્યું ત્યારે દેશવાસીઓને નિરાશા થઈ હતી. કેટલાક દેશોએ તો ઈસરોની મજાક ઉડાવતાં એમ પણ કહ્યું હતું કે ભારત એક ગરીબ દેશ છે અને તેણે પહેલાં પોતાની બુનિયાદી સમસ્યાઓ દૂર કરવી જોઈએ. એ પણ કહેવાયું હતું કે ભારત ચંદ્ર પર જવાનું સપનું જ શું કામ જુએ છે? ઈસરોએ આ તમામ ટીકાકારોના મોં બંધ કરી દીધાં. આ ટીકાકારોએ એના પર ધ્યાન આપવું જોઈએ કે ભારત એક તરફ જ્યાં ગરીબીથી પાર પામવાની હરસંભવ કોશિશ કરી રહ્યું છે, ત્યાં જ વિજ્ઞાન અને ટેકનિક ક્ષેત્રે પણ પોતાનાં ડગ ઝડપથી માંડી રહ્યું છે. વાસ્તવમાં આ જ એ ઉપાય છે, જેનાથી તે આત્મનિર્ભર બની શકે છે. મોદી સરકારે વર્તમાન કાળખંડને અમૃતકાળનું નામ આપ્યું છે અને એ સંકલ્પ કર્યો છે કે ૨૦૪૭ સુધી ભારતને વિકસિત દેશ બનાવવાનો છે.

કેટલાક લોકો એ સવાલ કરી શકે છે આખરે ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર પહોંચીને ભારતે શું મેળવ્યું? એવા લોકોને ખબર હોવી જોઈએ કે આવનાર સમયમાં ચંદ્ર પર કરાનારી શોધ માનવતાની ભલાઈમાં સહાયક બનશે. ચંદ્રમાં એવા અનેક ખનિજ અને રસાયણ હોઈ શકે છે, જેનું દોહન કરીને સમૃદ્ધિ તરફ આગળ વધી શકાય છે. ચંદ્રને લઈને કરાતી શોધ એ જણાવવામાં સહાયક બનશે કે સૌરમંડળ કેવી રીતે બન્યું અને વિકસિત થયું? તે ઉપરાંત એનું પણ આકલન થઈ શકશે કે ત્યાં માણસોને વસાવી શકાય છે કે નહીં. આ જ કારણ રહ્યું કે વડાપ્રધાને ચંદ્રયાનની સફળતાને સમસ્ત માનવતાની સફળતા ગણાવી.

આ સમયે જ્યાં ઈસરોની સફળતાનો ડંકો વાગી રહ્યો છે ત્યાં જ ભારતના રક્ષા ઉદ્યોગની સાથે માહિતી અને સંચાર ટેકનિક ક્ષેત્રો પણ આગળ વધી રહ્યાં છે. આ જ રીતે ફાર્મા ક્ષેત્ર પણ દુનિયામાં પોતાનું નામ કમાઈ રહ્યું છે. હવે કોશિશ એ હોવી જોઈએ કે ભારતના તમામ શોધ-સંશોધન અને નિર્માણ સંસ્થા પોતાના કાર્યોમાં એવી જ ઉત્કૃષ્ટતા હાંસલ કરે, જેવી ઈસરોએ અંતરિક્ષ વિજ્ઞાનમાં પ્રાપ્ત કરી છે. કોઈપણ દેશ પોતાની સંસ્થાઓના માધ્યમથી જ વિકસિત બનવાની સાથે જ સમૃધ્ધિ મેળવે છે, તેથી સરકારે વિભિન્ન સંસ્થાઓને ઉત્કૃષ્ટ સંશોધન માટે પ્રેરિત કરવી જોઈએ અને તેમને પર્યાપ્ત સંસાધનો ઉપલબ્ધ કરાવવાં જોઈએ. એ ઠીક છે કે મોદી સરકાર આ દિશામાં સક્રિય છે, પરંતુ દેશની વિભિન્ન સંસ્થાઓને વિશ્વ સ્તરીય ત્યારે જ બનાવી શકાય જ્યારે તેમને નાણાંના અભાવનો સામનો ન કરવો પડે. ભારતે એક વિકસિત દેશ બનવા માટે હજુ એક લાંબી સફર ખેડવાની છે. આ સફરને ત્યારે જ આસાન બનાવીને નવા ભારતની નવી કહાની લખી શકાશે, જ્યારે દરેક ક્ષેત્ર સફળતાની એવી જ ગાથા લખશે, જેવી ઈસરોએ લખી અને દેશની સાથે દુનિયાને પણ અચંબામાં નાખી દીધી.

### ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવાના ૧૬ વર્ષ

# મહામૂલી માનવ જિંદગી બચાવતી ૧૦૮ સેવા રાજયમાં ૧.૫૧ કરોડથી વધુ ઈમરજન્સી કેસમાં લાઈફલાઈન બની

## ૨૦૦૭ માં માત્ર ૧૪ એમ્બ્યુલન્સથી શરૂ થયેલી સેવામાં આજે રોડ માર્ગે ૮૦૨ એમ્બ્યુલન્સ, પાણી માર્ગે બોટ એમ્બ્યુલન્સ અને હવાઈ માર્ગે એર એમ્બ્યુલન્સ સેવા ઉપલબ્ધ : દરરોજ સરેરાશ ૩૭૦૦ થી ૩૯૦૦ જેટલા દર્દીઓને કટોકટીના સમયે હોસ્પિટલ સુધી પહોચાડતી ૧૦૮ એમ્બ્યુલન્સ નિઃશુલ્ક સેવા : ૧૦૮ એમ્બ્યુલન્સનો રાજયમાં સરેરાશ રિસ્પોન્સ ટાઈમ ૧૮ મિનિટ, જયારે શહેરી વિસ્તારમાં ૧૧ મિનિટ જેટલો રિસ્પોન્સ ટાઈમ અને ગ્રામીણ વિસ્તારમાં ૨૨ મિનિટ











(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૩૧

ગુજરાત રાજયમાં આપત્તિગ્રસ્ત અને આપાતકાલીન સ્થિતિમાં કોઈપણ સ્થળે અને કોઈપણ સમયે તાત્કાલિક મેડીકલ સારવાર અને મદદ માટે સૌના હૈયે અને હોઠે ચડતો એકમાત્ર ટોલ ફ્રી નંબર એટલે ૧૦૮ ઈમરજન્સી મેડિકલ સર્વિસ. ૨૯મી ઓગસ્ટ ૨૦૦૭ નો ઐતિહાસિક દિવસ કે જ્યારે ૧૦૮ સેવાનો ગુજરાત રાજયમાં સૌ પ્રથમવાર શુભારંભ હાલના વડાપ્રધાનશ્રી તથા તત્કાલીન ગુજરાત રાજયના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી અને પૂર્વ રાષ્ટ્રપતિ એ.પી.જે અબ્દુલ કલામના વરદ હસ્તે થયેલ હતો. આપત્તિનાં સમયમાં લાખો લોકોનાં જીવન બચાવનાર અને જીવાદોરી સમાન ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવાને ૨૯મી ઓગસ્ટ ૨૦૨૩ના રોજ સફળતાપૂર્વક ૧૬ વર્ષ પૂર્ણ થયેલ છે. રાજયના નાગરિકોના આરોગ્યના હિત માટે વર્ષ ૨૦૦૭ માં ઈમરજન્સી તાકીદની સ્થિતિમાં જરૂરિયાતમંદ ગંભીર રીતે બીમાર કે ઈજાગ્રસ્ત વ્યક્તિને ઝડપથી હોસ્પિટલ પહોચાડવા માટે નિઃશુલ્ક એમ્બ્યુલન્સ પરિવહનની સુવિધા પૂરી પાડવા અને તમામ પ્રકારની મેડિકલ ઈમરજન્સી માટે એમ્બ્યુલન્સ સેવા નિઃશુલ્ક મળી રહે તે માટે ગુજરાત સરકાર દ્વારા ૧૦૮ ઈમરજન્સી મેડિકલ સર્વિસ યોજના'' અમલી કરેલ છે. વર્ષ ૨૦૦૭ થી મેડિકલ, પોલીસ અને ફાયર સંબંધિત કટોકટીઓ માટે લોકોને ૧૦૮ ટોલ ફ્રી નંબર દ્વારા ઈમરજન્સી રિસ્પોન્સ સેવાઓ ૨૪૭૭ પ્રદાન કરવાના હેતુથી રાજયકક્ષાના અધ્યતન ટેક્નોલૉજી સભર સ્ટેટ-ઓફ-આર્ટ ઈમરજન્સી રિસ્પોન્સ સેન્ટર અમદાવાદના નરોડા કઠવાડા ખાતે ૧૫ એકરના વિસ્તારમાં પ્રસ્થાપિત કરીને ગુજરાત રાજયના તમામ જિલ્લાઓમાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા અસરકારક રીતે અમલીકરણ કરવામાં આવેલ છે.

**ગુજરાતની ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવાની આગવી વિશેષતા**

જશવંત પ્રજાપતિ, ચીફ ઓપરેટીંગ ઓફીસર, ઈ.એમ.આર.આઈ જીએચએસ, ગુજરાતે જણાવ્યું છે કે, વર્ષ ૨૦૦૭માં માત્ર ૧૪ એમ્બ્યુલન્સના કાફલામાંથી શરૂ થયેલી સેવા આજે ૧૬ વર્ષ જેટલા સમયગાળામાં ૮૦૨ એમ્બ્યુલન્સ (૦૨ બોટ એમ્બ્યુલન્સ) સુધી પહોંચી છે. હદયરોગ, કેન્સર, કીડની, પ્રસૂતિ સંબંધિત, ઝેરી જીવજંતુ કરડવું, મારામારીમાં ઘવાયેલ,ગંભીર બીમારી અને દાઝી જવાથી થતી ગંભીર ઈજાઓ, રોડ અકસ્માતમાં ગંભીર ઈજાગ્રસ્ત, બીમાર નવજાત શિશુ વગેરે જેવી મેડિકલ ઈમરજન્સીમાં ૨૪ કલાક કાર્યરત એમ્બ્યુલન્સમાં અદ્યતન મેડીકલ સાધનો, દવાઓ, વેન્ટીલેટર મશીન અને તેની સાથે ટેકનોલોજીનો સમન્વય કર્યો છે. તેનો સીધો લાભ કટોકટીની પળોમાં શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારના લોકોને મળે છે. રિસ્પોન્સ સેન્ટરમાં કાર્યાન્વિત અદ્યતન ટેકનોલોજી અને લોકેશન બેઈઝ સર્વિસ(LBS)થી સુસજ્જ એવી CAD Application થકી સેવા માટે કોલ કરનારનું Automatically લોકેશન પ્રાપ્ત થઈ જવાથી સમયનો બચાવ થાય છે અને ઝડપથી એમ્બ્યુલન્સ મોકલી શકાય છે. ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા દ્વારા દરરોજ સરેરાશ ૩૭૦૦ થી ૩૯૦૦ જેટલા દર્દીઓને કટોકટીના સમયે હોસ્પિટલ સુધી પહોચાડવાની નિઃશુલ્ક સેવા આપવામાં આવે છે. ૧૦૮ નંબર ઉપર આવેલા ૯૯ ટકા જેટલા ફોન કોલનો પ્રથમ બે રીંગમાં જ પ્રતિસાદ આપવામાં આવે છે. જે આંતરરાષ્ટ્રીય સ્તર અને ધોરણ કરતાં પણ વધુ સારી ગુણવતા છે. ૧૦૮ એમ્બ્યુલન્સનો રાજયમાં સરેરાશ રિસ્પોન્સ ટાઈમ ૧૮ મિનિટ જેટલો છે જયારે શહેરી વિસ્તારમાં ૧૧ મિનિટ જેટલો રિસ્પોન્સ ટાઈમ અને ગ્રામીણ વિસ્તારમાં ૨૨ મિનિટ જેટલો રિસ્પોન્સ ટાઈમ છે. દર ૨૩ સેકન્ડે એક ૧૦૮ એમ્બ્યુલન્સ ઈમરજન્સી કેસને પ્રતિસાદ આપવા માટે રવાના કરવામાં આવે છે. ૧ કરોડ ૫૧ લાખ કરતા વધારે લોકોને કટોકટીના સમયમાં સેવા, ૨.૧૫ લાખથી વધુ પોલીસ અને ૬.૨ હજારથી વધુ ફાયર માટેની સેવા આપવામા આવી છે. ૪૭.૯ કરોડથી વધારે એમ્બ્યુલન્સના કિલોમીટરનું સંચાલન કરવામાં આવેલ છે. ૧૪ લાખથી વધુ વિકટ પરિસ્થિતીમાં મુકાયેલ મહામુલી માનવ જિંદગીઓનો બચાવ કરવામાં આવેલ છે. ૫૧.૨૭ લાખ કરતાં વધારે પ્રસૂતા માતાને કટોકટીની સ્થિતીમા મદદ કરવામાં આવેલ છે. ૧૦૮ એમ્બ્યુલન્સ સ્ટાફ દ્વારા ૧,૩૨,૩૫૫ થી વધુ ઘટના સ્થળે પ્રસૂતિઓમાં મદદ કરવામાં આવેલ છે. ૧૦૮ સેવા માટે આવતા કોલ્સ પૈકી મોટાભાગના કોલ્સ પ્રસુતા માતાઓ માટે ઈમરજન્સી સેવાને લગતા હોય છે, ગુજરાત રાજયમાં માતા અને બાળ મૃત્યુદરના સૂચકઆંકને લગતા સરકારના લક્ષ્યાંકોને સિદ્ધ કરવામાં ૧૦૮ સેવાનો મહત્વનો ફાળો રહેલ છે. ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સની ઝડપી સેવા માટે અદ્યતન લોકોપયોગી '' ૧૦૮ સીટીઝન મોબાઈલ એપ્લીકેશન '' શરૂ કરવામાં આવેલ છે. જેને ૩ લાખ કરતા પણ વધુ લોકોએ ડાઉનલોડ કરેલ છે. દરીયામાં કામ કરતા માછીમારોના આરોગ્યના અધિકારોની જાળવણી માટે દરીયામાં ૧૦૮-એમ્બ્યુલન્સ જેવી મેડિકલ સેવા પહોંચાડવા માટે પોરબંદર અને ઓખા બંદર ખાતે બોટ એમ્બ્યુલન્સ સેવા કાર્યરત છે. સમગ્ર ભારતમાં પ્રથમ વખત ગુજરાત રાજયમાં એર એમ્બ્યુલન્સ સેવા ગુજરાત સરકારનાં આરોગ્ય વિભાગ, GUJSAIL અને EMRI GHS સાથે મળી સંકલિત રીતે રાજ્ય વ્યાપી તા.૨૧-૩-૨૦૨૨થી કાર્યાન્વિત કરેલ છે. આ સેવા હેઠળ કુલ ૩૭ જેટલા ઓર્ગન અને તેમજ ગંભીર દર્દીઓના પરિવહન કરેલ છે. ગુજરાત સરકારે સમયાનુકુલ ટેકનોલોજી અને અપગ્રેડેશનનો વિનિયોગ કરીને આપાતકાલમાં પ્રત્યેક સેકન્ડનો બચાવ થઈ શકે અને માનવીની અમૂલ્ય જીન્દગી બચાવવા ભારત દેશમાં સૌ પ્રથમ વખત પેપરલેશ ૧૦૮ ઈમરજન્સી સેવા અને એમ ગવર્નન્સની વ્યવસ્થા અમલીકૃત કરી છે. રાજકોટ જીલ્લાની વાત કરીએ તો અહી કુલ ૪૨ એમ્બ્યુલન્સ ઉપલબ્ધ છે. બધા મળીને કુલ ૭,૪૯,૭૧૮ કેસમાં આ સેવા લોકોને મદદરૂપ બની છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા વખતોવખત સેવાઓમાં કાર્યરત એમ્બ્યુલન્સ તેમજ ટેકનોલોજીમાં જરૂરી અપગ્રેડેશન અને ઉમેરો એમ્બ્યુલન્સના સ્ટાફને જરૂરિયાત મુજબ તાલીમ આપવા માટે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા અદ્યતન ટ્રેનીંગ સેન્ટર, રિસર્ચ સેન્ટર તથા તાલીમાર્થીઓને રહેવાની સગવડ માટે હોસ્ટેલ વગેરે ઈન્ફ્રાસ્ટ્રકચર વિકસાવવામાં આવેલ છે.

# ગ્રીસના જંગલોમાં લાગેલી ભીષણ આગને કારણે સર્જાયો વિનાશ



નવીદિલ્હી,તા.૩૧

ગ્રીસના વિવિધ પ્રાંતોમાં આગ તબાહી મચાવી રહી છે. છેલ્લા કેટલાક દિવસોથી જંગલની આગ લાગેલી છે. ગ્રીસના લોકો જંગલની આગ સામે લડી રહ્યા છે. ગયા અઠવાડિયે યુરોપની સૌથી ભયંકર આગમાં ઉત્તરપૂર્વના એવરોસ અને એલેકઝે પ્રદેશોમાં ઓછામાં ઓછા ૨૦ લોકોના મોત થયા ગયા હતા. આગ ઓલવવા માટે વિમાનો અને હેલિકોપ્ટરની મદદ લેવામાં આવી રહી છે. આગના કારણે તાપમાનમાં પણ વધારો થયો છે. તોફાની પવનો વચ્ચે ગ્રીસના લોકો જંગલની આગ સામે લડી રહ્યા છે. આ દરમિયાન યુરોપિયન સંઘ સમર્થિત કોપરનિકસ ક્લાઈમેટ ચેન્જ સર્વિસે ૨૯ ઓગસ્ટ કહ્યું હતું કે ઉત્તરપૂર્વીય ગ્રીસમાં ૧૧ દિવસથી સળગતી જંગલમાં લાગેલી આગને કારણે ન્યૂયોર્ક સિટી કરતા મોટા વિસ્તારનો નાશ થયો છે. તૂફાની પવન અને ગરમ હવામાનને કારણે એલેક્ઝાન્ડ્રોપોલિસ શહેરની નજીકથી શરૂ થયેલી આગ ઝડપથી એવરોસ પ્રદેશમાં ફેલાઈ ગઈ. આગે લીલીછમ હરિયાળીને સળગેલી ધરતીમાં ફેરવી દીધી છે. આ સાથે જનજીવનને પણ અસર થઈ છે. લોકોના ઘર અને આજીવિકાને પણ માઠી અસર થઈ છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ (અગાઉ ટ્વિટર) પરની એક પોસ્ટમાં કોપરનિકસ ઈમરજન્સી મેનેજમેન્ટ સર્વિસે નકશા દ્વારા દર્શાવ્યું હતુ કે ભીષણ આગથી અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૮૦૮.૭ ચોરસ કિલોમીટર (૩૧૨.૨ ચોરસ માઈલ)નો વિસ્તાર નાશ પામ્યો છે. કોપરનિકસ ઈસ્જીએ ગયા અઠવાડિયે કહ્યું હતું કે આ વિશાળ આગ ઘણા વર્ષોમાં યુરોપિયન ભૂમિ પરની સૌથી મોટી આગ છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આગમાં મોત પામેલા લોકોમાંથી એક સિવાયના તમામ લોકો અનિયમિત સ્થળાંતર કરનારા હતા, જેઓ પોલીસથી બચીને તુર્કી પાર કરીને જંગલમાં રહેતા હતા. આગ એટલી બધી તબાહી મચાવી રહી છે કે અધિકારીઓને આશંકા છે કે આગ ઓલવાઈ ગયા પછી વધુ મૃતદેહો મળી શકે છે. જંગલો, ઔદ્યોગિક કેન્દ્રો અને રજાના ઘરોને બચાવવાના પ્રયાસો વચ્ચે એથેન્સને દક્ષિણ શહેર કોરીન્થ સાથે જોડતા હાઈવે પર ઈવેક્યુએશન કામગીરી બુધવારે ત્રીજા દિવસે પણ ચાલુ રહી હતી. આ અભિયાનમાં પ્લેન અને હેલિકોપ્ટરની પણ મદદ લેવામાં આવી રહી છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

સ્ત્રીનો શણગાર એ લજ્જા છે.

- ચાણક્ય

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.ફરવરદીન-૧૩૯૩, મુ. સફર-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, શ્રાવણ સુદ-૧૫ બૃહસ્પતિ પૂજન, ઈષ્ટી, અમરનાથ યાત્રા, ગાયત્રી પુનઃશ્વરણ પ્રારંભ, એકમનો ક્ષય છે, પંચક તા.૩૧ ઓગષ્ટ ૨૦૨૩, ગુરૂવાર, પારસી તા.૧૬, મુસ્લિમ તા.૧૪, શત્તતારકા નક્ષત્ર, શુકર્મા યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૬ઃ૩૪, સૂ.અ.૭ઃ૦૯
આજનો દિવસ અશુભ છે.
આજે જન્મેલા બાળકની રાશી કુંભ (ગ શ સ ષ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષઃ માનસિક તાણ હળવી બને. પુરૂષાર્થનું ફળ મળે.
વૃષભઃ મહત્વના નિર્ણયો અમલમાં ન મૂકવા હિતાવહ. ગૃહવિવાદ.
મિથુનઃ વિશેષ કાર્યબોજ રહે. માનસિક અસ્વસ્થતા રહે.
કર્કઃ મનમાં મૂંઝવણ રહે. આર્થિક સમસ્યાનો ઉકેલ આવે.
સિંહઃ વ્યર્થ વ્યાધિનો સામનો કરવો પડે. માનસિક અશાંતિ રહે.
કન્યાઃ મુશ્કેલીમાં માર્ગ મળી રહે. નવિન લાભદાયક સમાચાર મળે.
તુલાઃ હળવાશ અને પ્રસન્નતાનો અનુભવ થાય. આર્થિક સમસ્યા હળવી બને.
વૃશ્ચિકઃ આકસ્મીક ધન લાભ મળે. પુરૂષાર્થથી શુભ ફળ મેળવી શકશો.
ધનઃ વ્યર્થ ચિંતામાં દિવાસ વ્યતિત થાય. ધારેલા કાર્યોમાં અચાનક રૂકાવટ આવે.
મકરઃ જીવનસાથી સાથે સંઘર્ષ થાય. માનભંગનો પ્રસંગ બને.
કુંભઃ આવક કરતા જાવકનું પાસુ વિશેષ રહે. પ્રવાસમાં હાનિનો સંભવ.
મીનઃ મહત્વના કાર્યમાં સફળતા મળે. મનની મુરાદ પૂરી થાય.

## શ્રાવણ સત્સંગ

# નર-નારાયણે કરેલી શિવ ઉપાસના



પ્રાચીન કાળમાં ભગવાનના અંશાવતાર નર અને નારાયણે તપ કરવાની ભાવના સાથે બદરીકાવનમાં આશ્રમ બનાવ્યો. તેમણે ભગવાન શિવજીને પ્રાર્થના કરી કે, ' આ સ્થળે તમે પાર્થિવ લિંગ સ્વરૂપે બીરાજો.' ભગવાન શિવજીએ તેમની પ્રાર્થના સ્વીકારી અને નર-નારાયણ દ્વારા નિર્મિત શિવલીંગમાં પ્રવેશ કરી નિવાસ કર્યો.

નર-નારાયણે પરમ શ્રધ્ધા સાથે શિવલીંગની ષોડશોપચારે પુજા કરી અને કઠીન તપસ્યા કરવા લાગ્યા. તેઓ નિરાહર તથા જીતેન્દ્રીય રહીને રાત-દિવસ ભગવાન શિવજીનું ચિંતન કરતા હતા. તેમના જીવનમાં માત્ર એક જ કાર્ય રહ્યું હતું. આ પ્રકારે તપ કરતા કરતા ઘણો જ સમય વ્યતિત થઈ ગયો. ત્યારે ભગવાન શ્રી શિવજી સાક્ષાત પ્રગટ થઈને બોલ્યા, ' હે નર-નારાયણ હું તમારી તપસ્યાથી અત્યંત પ્રસન્ન થયો છું. તમે જે ઈચ્છા ધરાવતા હો તે વરદાન માંગો.'

શંકર ભગવાનના વચનો સાંભળી અને નર-નારાયણએ હાથ જોડી પ્રાર્થના કરી કે, ' હે દેવાધિદેવ, જો તમે અમારા પર પ્રસન્ન થયા તો એવું વરદાન આપો કે આ તિર્થક્ષેત્રમાં તમે સદા નિવાસ કરો. જે આ ક્ષેત્રમાં આવી ભક્તો તમારી પુજા કરે તેનો તમે સ્વીકાર કરો. અને તેમને સંસાર બંધન માંથી મુક્ત કરો.

ભગવાન સદાશિવે તેમની પ્રાર્થના સ્વીકારી લીધી અને જ્યોતિ સ્વરૂપ સ્વયં તે તીર્થમાં નિવાસ કરવા લાગ્યા. આ જ્યોર્તિલીંગ કેદારેશ્વર મહાદેવ એવા નામથી જગમાં વિખ્યાત થયા. આ સ્થાન પર આવીને અનેક દેવતાઓ તથા અસંખ્ય મુનિયોએ ભગવાન શિવજીની આરાધના કરી ઈચ્છીત ફળની પ્રાપ્તિ કરી.

એક વખત પાંડવો આ પવિત્ર બદરિકારશ્રમમાં ગયા. ભગવાન શિવજીએ તેમને ત્યાં જોયા એટલે પાડાનું રૂપ લઈ અને ત્યાંથી ચાલવા માંડ્યું. પરંતુ પાંડવોએ ભગવાનના ચરણ પકડી ભક્તિપૂર્વક તેમની સ્તુતિ કરી. તેમની સ્તુતિ સાંભળી ભક્તવત્સલ ભગવાન પ્રસન્ન થયા અને પોતાનું સ્વરૂપ પ્રગટ કર્યું. તેમણે પાંડવોને અનેક વરદાન આપી સંસારમાં અનેક પ્રકારના સુખ આપી જીવનના અંતે તેમને પરમપદ આપ્યું.

**કનકચંદ્ર છગનલાલ વ્યાસ**
**દેવેન કનકચંદ્ર વ્યાસ**

# રાજ્યમાં સિંહો-દીપડા વગેરેની વધતી વસ્તીને લઈ સૌરાષ્ટ્રમાં નવા અભ્યારણ્ય માટે હિલચાલ



## ભાવનગર જિલ્લામાં શેત્રુંજી નદીના કાંઠે નવું અભ્યારણ્ય તથા પૂર્ણા અભ્યારણ્યની સીમા વધારવા સૂચન

ગાંધીનગર, તા.૩૧

સૌરાષ્ટ્ર વિસ્તારમાં એશિયાટીક સિંહોની વધતી વસ્તી માટે સંરક્ષિત વિસ્તાર વધારવા માટે અમરેલી અને ભાવનગર જિલ્લામાં શેત્રુંજી નદીના કાંઠે નવું વન્યજીવ અભયારણ્ય સ્થાપવું જોઈએ અને પૂર્ણા વન્યજીવ અભયારણ્યની સીમા લંબાવવી જોઈએ. આ બે મુખ્ય હતા સૂચનો. ગુજરાત સ્ટેટ બોર્ડ ફોર વાઈલ્ડલાઈફ (GSBWL)ના સભ્યોની અઠવાડિયાની એક બેઠકમાં. ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં પૂર્વમાં ફેલાયેલા એશિયાટિક સિંહો માટે અન્ય વન્યજીવ અભયારણ્ય સ્થાપવાની જરૂર હોવાનું સૂચન રજૂ થયું હતું. અમરેલીમાં ગીર (પૂર્વ) વન્યજીવ વિભાગમાંથી શેત્રુંજી નદીનો વિસ્તાર સિંહો માટે વસવાટ માટે એક મહત્વપૂર્ણ વિસ્તાર તરીકે ઉભરી આવ્યો છે કારણ કે, સિંહ તેમની વસ્તી વધારાને કારણે કુદરતી રીતે ગીરના જંગલમાંથી અલગ પડી રહ્યા છે. તેમ સૂચનમાં જણાવાયું હતું. આ અંગે સૂત્રોના જણાવ્યા અનુસાર બેઠકમાં સૂચન કરાયું હતું કે, આ વિસ્તારનો અભ્યાસ કરવો જોઈએ અને સિંહોને વધુ સારી સુરક્ષા પૂરી પાડવા માટે અને મોટી બિલાડીઓની લુપ્ત થતી પ્રજાતિના લાંબા ગાળાના સંરક્ષણમાં મદદ કરવા માટે વન્યજીવન અભ્યારણ્ય બનાવવાની શક્યતાઓ શોધવી જોઈએ.'' ગુજરાત વન વિભાગ અને ગીર રાષ્ટ્રીય ઉદ્યાન અને વન્યજીવ અભયારણ્ય (GNPWLS)ની આસપાસ રહેતા સ્થાનિક લોકોના સંરક્ષણ પ્રયાસોને આભારી છે, છેલ્લા ત્રણ દાયકાથી એશિયાટીક સિંહોની વસ્તી સતત વધી રહી છે. જો કે, પ્રાદેશિક પ્રાણીઓ હોવાને કારણે સિંહો ગીરના જંગલની બહાર ફેલાઈ રહ્યા છે, કારણ કે તેમની વસ્તી વધી રહી છે. સિંહ અન્ય સંરક્ષિત વિસ્તારો તેમજ અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, પોરબંદર અને રાજકોટ જેવા જિલ્લાના મહેસુલી વિસ્તારોમાં સ્થાયી થઈ રહ્યા છે. ૨૦૨૦માં ગણતરી કરાયેલા ૬૭૪ સિંહોમાંથી લગભગ અડધા સંરક્ષિત વિસ્તારોની બહાર નોંધાયા હતા. બહાર ગણાતા મોટાભાગના સિંહો અમરેલી અને ભાવનગર જિલ્લામાં જોવા મળ્યા હતા. ''હકીકત એ છે કે, અભયારણ્યની જાહેરાત ૧૯૭૦ના દાયકામાં કરવામાં આવી હતી. સિંહ અને દિપડા જેવા મોટા માંસાહારી પ્રાણીઓની વસ્તી હાલ જેટલી તે સમયે વધારે ન હતી. ૧૯૭૦ના દાયકામાં અભયારણ્યનું વિસ્તરણ આ વધેલી વસ્તીને સમાવવા માટે પૂરતું નથી અને તેના માટે કંઈક કરવાની જરૂર છે. જે માટે એક આદર્શ રીતે વર્તમાન અભયારણ્યોને અડીને આવેલા વિસ્તારોને નવા અભયારણ્ય તરીકે સૂચિત કરવાનો છે. સૂત્રોના જણાવ્યા મુજબ વધુમાં બેઠકમાં જણાવાયું હતું કે, જો હાલના અભયારણ્યોની આસપાસ રસ્તાઓ અને રેલ્વે જેવી માળખાકીય સુવિધાઓ બનાવવામાં આવી હોય તો, હાલના અભયારણ્યોથી દૂર વિસ્તાર જાહેર કરવાનો બીજો વિકલ્પ છે. પરંતુ બીજો વિકલ્પ પસંદ કરતી વખતે, તે સુનિશ્ચિત કરવું પડશે કે, નવા સંરક્ષિત વિસ્તારો અને હાલના અભયારણ્યો વચ્ચે એક કોરિડોર છે, જે જંગલી પ્રાણીઓની હિલચાલને મંજૂરી આપે છે.'' વધુમાં સૂચનમાં જણાવાયું છે કે, ડાંગ જિલ્લામાં પૂર્ણા વન્યજીવ અભયારણ્યની સીમા લંબાવવી જોઈએ. ''ત્યાં એક જંગલવાળો વિસ્તાર છે, જે જંગલ જેવો દેખાય છે અને હાલમાં તેને અનામત જંગલ તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યો છે. આ વિસ્તાર તાપી જિલ્લાના વ્યારા નજીક પૂર્ણા વન્યજીવ અભયારણ્ય પાસે છે. પૂર્ણા વન્યજીવ અભયારણ્યનું પણ વિસ્તરણ કરીને આરક્ષિત જંગલને અભયારણ્ય બનાવવામાં આવે.'' સૂત્રોએ જણાવ્યું કે, મુખ્યમંત્રીએ અધિકારીઓને આ વિસ્તારોનો અભ્યાસ કરવા અને તેમને અભયારણ્ય તરીકે સૂચિત કરવાની શક્યતાઓ શોધવાના નિર્દેશો આપ્યા છે. અધિકારીઓને નિર્દેશિત ક્ષેત્રોનો અભ્યાસ કરવા અને સૂચનો ઉપર યોગ્ય નિર્ણય લેવા માટે એક અહેવાલ તૈયાર કરવા પણ જણાવાયું છે. એક વરિષ્ઠ વન અધિકારીના જણાવાયા અનુસાર શેત્રુંજી નદીના કાંઠાના કેટલાક ભાગને અભ્યારણ તરીકે જાહેર કરવાની પ્રક્રિયા પહેલાથી જ શરૂ કરી દેવામાં આવી છે. ''કોઈપણ વિસ્તારને અભ્યારણ તરીકે જાહેર કરવા માટે, વન વિભાગ અસરગ્રસ્ત થવાની સંભાવના હોય તેવી ગ્રામ પંચાયતોની સંમતિ મેળવવા માટે બંધાયેલ છે. ગ્રામ પંચાયતોની ખાસ બેઠકો બોલાવવાની અને તેમના વિસ્તારોની નજીક વન્યજીવ અભયારણ્ય બનાવવાના સમર્થનમાં ઠરાવો અપનાવવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. પરંતુ તે એક લાંબી પ્રક્રિયા હશે કારણ કે, ગામના રહેવાસીઓને ખાતરી આપવી પડશે કે, સિંહોના રહેઠાણ સાથેનું અભયારણ્ય વિસ્તારના લોકો માટે ફાયદાકારક છે.

# ૨ સપ્ટેમ્બરના રોજ ISROનું સૌર મિશન આદિત્ય-L1 શ્રીહરિકોટા સ્પેસપોર્ટથી લોન્ચ થશે

હરીકોટા તા.૩૧

ચંદ્ર ઉપર સફળ ચંદ્રયાન-૩ મિશન પછી ઈસરોએ સોમવારે જાહેરાત કરી હતી કે, સૂર્યનો અભ્યાસ કરવા માટેનું ભારતનું પ્રથમ સૌર મિશન આદિત્ય-L1એ ૨ સપ્ટેમ્બરે સવારે ૧૧:૫૦ વાગ્યે શ્રીહરિકોટા સ્પેસપોર્ટથી લોન્ચ કરવામાં આવશે. આદિત્ય-L1 અવકાશયાનને સૌર કોરોનાના દૂરસ્થ અવલોકનો અને L1 (સન-અર્થ લેગ્રેન્જ પોઈન્ટ) ઉપર સૌર પવનના ઈન-સીટુ અવલોકનો પ્રદાન કરવા માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે, તે પૃથ્વીથી લગભગ ૧.૫ મિલિયન કિલોમીટર દૂર છે. લેગ્રેન્જ પોઈન્ટ્સ અવકાશમાં એવા સ્થાનો છે જ્યાં સૂર્ય અને પૃથ્વીના ગુરૂત્વાકર્ષણ બળ આકર્ષણ અને પ્રતિકૂળતાના ઉન્નત પ્રદેશો ઉત્પન્ન કરે છે. આનો ઉપયોગ અવકાશયાન દ્વારા તેની સ્થિતિમાં રહેવા માટે જરૂરી બળતણ વપરાશ ઘટાડવા માટે કરી શકાય છે. લેગ્રેન્જ પોઈન્ટનું નામ ઈટાલિયન-ફ્રેન્ચ ગણિતશાસ્ત્રી જોસેફી-લુઈસ લેગ્રેન્જના માનમાં રાખવામાં આવ્યું છે. સ્પેસ એજન્સીએ સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે, સ્પેસક્રાફ્ટ સૂર્યનો અભ્યાસ કરવા માટે પ્રથમ અવકાશ આધારિત ભારતીય વેધશાળા-PSLV-C57 રોકેટનો ઉપયોગ કરીને લોન્ચ કરવામાં આવશે. L1ની આસપાસની ભ્રમણકક્ષામાંથી સૂર્યનો અભ્યાસ કરવાનો ઉદ્દેશ્ય આદિત્ય-¬૧ મિશન, ફોટોસ્ફિયર, ક્રોમોસ્ફિયર અને કોરોના-સૂર્યના સૌથી બહારના સ્તરો-વિવિધ વેવબેન્ડમાં અવલોકન કરવા માટે સાત પેલોડ વહન કરશે. આદિત્ય-L1એ રાષ્ટ્રીય સંસ્થાઓની ભાગીદારી સાથેનો સંપૂર્ણ સ્વદેશી પ્રયાસ છે. બેંગ્લુરૂ સ્થિત ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ એસ્ટ્રોફિઝિક્સ (IIA)એ વિઝિબલ એમિશન લાઈન કોરોનાગ્રાફ (VELC) પેલોડના વિકાસ માટે અગ્રણી સંસ્થા છે જ્યારે ઈન્ટર-યુનિવર્સિટી સેન્ટર ફોર એસ્ટ્રોનોમી એન્ડ એસ્ટ્રોફિઝિક્સ, પૂણેએ સોલર અલ્ટ્રાવાયોલેટ ઈમેજિંગ ટેલિસ્કોપ (SUIT) પેલોડ વિકસાવ્યું છે. ISRO અનુસાર, VELCએ ડેટા એકત્રિત કરશે કે કેવી રીતે કોરોનાનું તાપમાન લગભગ એક મિલિયન ડિગ્રી સુધી પહોંચી શકે છે જ્યારે સૂર્યની સપાટી પોતે ૬૦૦૦ ડિગ્રી સેન્ટિગ્રેડથી વધુ તાપમાને છે. યુ.આર. રાવ સેટેલાઈટ સેન્ટર દ્વારા વિકસિત આ ઉપગ્રહ આ મહિનાની શરૂઆતમાં આંધ્રપ્રદેશના શ્રીહરિકોટાના ISROના સ્પેસપોર્ટ ઉપર પહોંચ્યો હતો. તેને સૂર્ય-પૃથ્વી સિસ્ટમના L1 બિંદુની આસપાસ પ્રભામંડળની ભ્રમણકક્ષામાં મૂકવાની યોજના છે. L1 પોઈન્ટની આસપાસ પ્રભામંડળની ભ્રમણકક્ષામાં મૂકવામાં આવેલ ઉપગ્રહનો મુખ્ય ફાયદો એ છે કે, કોઈપણ ગ્રહો દશ્યમાં અવરોધ ન લાવે અથવા ગ્રહણનું કારણ ન બને અને તે સતત સૂર્યને જોઈ શકે. આનાથી સૌર પ્રવૃત્તિઓનું અવલોકન કરવાનો અને વાસ્તવિક સમયમાં અવકાશના હવામાન પર તેની અસરનો વધુ ફાયદો મળશે. આદિત્ય-¬૧ મિશનના મુખ્ય વિજ્ઞાન ઉદ્દેશ્યો છે- સૌર ઉપલા વાતાવરણીય (રંગમંડળ અને કોરોના) ગતિશીલતાનો અભ્યાસ; ક્રોમોસ્ફેરિક અને કોરોનલ હીટિંગનો અભ્યાસ, આંશિક રીતે આયનાઈઝ્ડ પ્લાઝ્માનું ભૌતિકશાસ્ત્ર, કોરોનલ માસ ઈજેક્શનની શરૂઆત અને જ્વાળાઓ; સૂર્યમાંથી કણોની ગતિશીલતાના અભ્યાસ માટે ડેટા પ્રદાન કરતા ઈન-સીટુ કણો અને પ્લાઝ્મા વાતાવરણનું અવલોકન કરવું અને સૌર કોરોના અને તેની હીટિંગ મિકેનિઝમનું ભૌતિકશાસ્ત્ર. આ ઉપરાંત મિશનનો ઉદ્દેશ કોરોનલ અને કોરોનલ લૂપ્સ પ્લાઝ્માના ડાયગ્નોસ્ટિક્સનો અભ્યાસ કરવાનો છે. આદિત્ય-¬૧ના સાધનો સૌર વાતાવરણ, મુખ્યત્વે રંગમંડળ અને કોરોનાનું નિરીક્ષણ કરવા માટે ટ્યુન કરવામાં આવ્યા છે. આ સાધનો L1 પોઈન્ટ ઉપર સ્થાનિક વાતાવરણનું અવલોકન કરશે.

# બાસમતીની નિકાસ ઉપર રોક લગાવ્યા પછી કેન્દ્રએ વિદેશમાં મોકલવામાં આવતા ચોખાની તમામ જાતો ઉપર નિયંત્રણ મૂક્યા

નવી દિલ્હી, તા.૩૧

બાસમતી ચોખાની નિકાસ પરના તાજેતરના નિયંત્રણોની સાથે, બાફેલા ચોખા ઉપર ૨૦% ડ્યૂટી લાદવામાં આવ્યાના એક દિવસ પછી ભારતે હવે વિદેશમાં મોકલવામાં આવતા વિવિધ ચોખા ઉપર નિયંત્રણો મૂક્યા છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે રવિવારે એક નોટિફિકેશનમાં જણાવ્યું હતું કે, સરકારે બાસમતી ચોખાની બિન-બાસમતી નિકાસ પર નિયંત્રણ રાખવા માટે ૧૨૦૦ ડૉલરની કિંમતનું માળખું રજૂ કર્યું હતું, પરંતુ બાસમતીની આડમાં નિકાસ કરવામાં આવી રહી છે. $1200 પ્રતિ ટનથી નીચેના બાસમતી ચોખાના કરારને સ્થગિત રાખવામાં આવી શકે છે અને APEDAના અધ્યક્ષ દ્વારા રચવામાં આવનારી સમિતિ દ્વારા તેનું મૂલ્યાંકન કરવામાં આવશે. બાસમતી ચોખાની નિકાસના નિયમન માટે એગ્રીકલ્ચરલ એન્ડ પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી (APEDA) જવાબદાર છે. આ લઘુત્તમ નિકાસ ચોખા સત્તાવાળાઓને એ સુનિશ્ચિત કરવામાં મદદ કરશે કે બિન- બાસમતી ચોખાને બાસમતી ચોખા તરીકે નિકાસ કરવામાં ન આવે. બ્લૂમબર્ગે અહેવાલ આપ્યો છે કે, એશિયામાં બેન્ચમાર્ક ચોખાના ભાવ લગભગ ૧૫ વર્ષમાં સર્વોચ્ચ સ્તરની નજીક હોવા સાથે તાજેતરના નિયંત્રણોની સમગ્ર વૈશ્વિક બજારમાં અસર થવાની સંભાવના છે. ૨૫ ઓગસ્ટના રોજ સરકારે નોન-બાસમતી પરબોઈલ્ડ ચોખાની નિકાસ ઉપર ૨૦% ડ્યૂટી લાદી હતી જે ૨૦૨૧-૨૦૨૨માં ચોખાના શિપમેન્ટમાં ૩૦% હિસ્સો ધરાવે છે. બ્લૂમબર્ગના અહેવાલમાં જણાવાયું છે કે, અન્ય દેશોની ખાદ્ય સુરક્ષા જરૂરિયાતોને પહોંચી વળવા વિનંતી કરવામાં આવે તો કેટલાક શિપમેન્ટને મંજૂરી આપવામાં આવશે તેવી ચેતવણી સાથે ગયા મહિને બિન-બાસમતી સફેદ ચોખાનું વિદેશમાં વેચાણ અટકાવવામાં આવ્યું હતું. ગયા વર્ષે ભારતે બાસમતીને વિદેશમાં વેચાણ ઉપર પ્રતિબંધ મૂક્યો હતો જે ૨૦૨૧-૨૨માં લગભગ ૨૦% શિપમેન્ટનો હિસ્સો હતો. ઈકોનોમિક ટાઈમ્સે અહેવાલ આપ્યો છે કે, ભારત ઈરાન, ઈરાક, યમન, સઉદી અરેબિયા, સંયુક્ત આરબ અમીરાત અને યુનાઈટેડ સ્ટેટ્સ જેવા દેશોમાં લગભગ ૪ મિલિયન મેટ્રિક ટન બાસમતી ચોખા મોકલે છે. FY22 અને FY23માં તેણે રેકોર્ડ નિકાસ કરી હતી કારણ કે, ભારતીય ચોખા હજુ પણ અન્ય જાતો કરતાં સસ્તા છે.

# ગ્રાન્ટેડ સ્કૂલોના કર્મચારીઓને પણ હવે માસિક રૂા. ૧ હજાર તબીબી ભથ્થું મળશે

અમદાવાદ, તા.૩૧

રાજ્યમાં આવેલી ગ્રાન્ટેડ પ્રાથમિક સ્કૂલોના શૈક્ષણિક કર્મચારીઓના માસિક તબીબી ભથ્થામાં વધારો કરવાનો નિર્ણય લેવાયો છે. અત્યાર સુધી આ કર્મચારીઓને માસિક રૂા.૩૦૦ તબીબી ભથ્થુ મળતું હતું, પરંતુ હવે તેમને માસિક રૂા. ૧ હજાર ભથ્થુ મળશે. આ અંગે શિક્ષણ વિભાગ દ્વારા ઠરાવ બહાર પાડી દેવામાં આવ્યો છે. રાજ્ય સરકારના કર્મચારીઓને સપ્ટેમ્બર-૨૦૨૨માં આ ભથ્થુ વધારી દેવામાં આવ્યા બાદ હવે ગ્રાન્ટેડ પ્રાથમિક સ્કૂલોમાં વધારો કરાયો છે. રાજ્ય સરકાર દ્વારા ૨૪ સપ્ટેમ્બર-૨૦૨૨ના રોજ ઠરાવ પ્રસિધ્ધ કર્યો હતો. આ ઠરાવમાં રાજ્ય સરકાર અને પંચાયત સેવાના કર્મચારીઓ અને પેન્શનરોને મળતા પ્રતિમાસ તબીબી ભથ્થામાં વધારો કરવાનો નિર્ણય કરાયો હતો. આ કર્મચારીઓને માસિક રૂા. ૩૦૦ તબીબી ભથ્થુ મળતું હતું, જે ૨૦૨૨ના ઠરાવથી વધારીને માસિક રૂા. ૧ હજાર તબીબી ભથ્થુ કરવામાં આવ્યું હતું. આ ઠરાવ પ્રસિધ્ધ કરવામાં આવ્યા બાદ કમિશનર ઓફ સ્કૂલની કચેરી દ્વારા પણ ગ્રાન્ટેડ સ્કૂલોના કર્મચારીઓ માટે તબીબી ભથ્થામાં વધારો કરવા માટે દરખાસ્ત કરી હતી. જેથી શિક્ષણ વિભાગ દ્વારા ઓક્ટોબર-૨૦૨૨માં ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોના કર્મચારીઓના માસિક તબીબી ભથ્થામાં રૂા. ૭૦૦નો વધારો કરી રૂા. ૧ હજાર ભથ્થુ આપવાનું નક્કી કર્યું હતું. આમ, માસિક તબીબી ભથ્થામાં વધારો કરવામાં આવ્યા બાદ હવે પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા ૩ મે, ૨૦૨૩ના રોજ શિક્ષણ વિભાગ સમક્ષ દરખાસ્ત કરી હતી. જેમાં જણાવાયું હતું કે, ગ્રાન્ટેડ પ્રાથમિક સ્કૂલોના કર્મચારીઓને હાલમાં મળતા માસિક રૂા. ૩૦૦ તબીબી ભથ્થામાં વધારો કરીને રૂા. ૧૦૦૦ પ્રતિ માસ તબીબી ભથ્થુ પ્રાથમિક શિક્ષણ નિયામકની દરખાસ્તના પગલે શિક્ષણ વિભાગ દ્વારા ઠરાવ કરાયો ચુકવવામાં આવે. શિક્ષણ વિભાગ સમક્ષ આવેલી દરખાસ્ત બાદ સરકાર દ્વારા વિચારણા હાથ ધરવામાં આવી હતી. વિચારણાના અંતે સરકાર દ્વારા ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાના કર્મચારીઓ માટે પણ ઠરાવ પ્રસિધ્ધ કર્યો છે. જેમાં ગ્રાન્ટેડ પ્રાથમિક સ્કૂલોમાં ફરજ બજાવતા કર્મચારીઓને પણ હવે માસિક રૂા. ૩૦૦ તબીબી ભથ્થામાં રૂા. ૭૦૦નો વધારો કરીને રૂા. ૧ હજાર કરવાનો નિર્ણય લીધો છે.

### આગામી ઓલિમ્પિક પહેલા ગુજરાત સરકારનો નિર્ણય

# મહિલા ખેલાડી તેમજ પુરૂષ ખેલાડીને સમાન સન્માન મળશે

## પહેલા કોઈ સ્પોર્ટસ ઈવેન્ટ યોજાતી તો પુરૂષને અલગ રકમનું સન્માન અને મહિલાને અલગ રકમનું સન્માન અપાતું હતું

અમદાવાદ, તા.૩૧

આગામી સમયમાં ઓલમ્પિક આવે તે પહેલાં ગુજરાત સરકારનું મોટું પગલું ભર્યું છે, આ સાથે રમત ગમત મંત્રી હર્ષ સંઘવીએ મોટી જાહેરાત કરી છે. મહિલા ખેલાડી અને પુરૂષર ખેલાડીને સરખુ સન્માન મળશે, જો કોઈ ખેલાડી કોઈ સ્પર્ધા જીતે તો બંને ને સરખું સન્માન આપવા કહ્યું છે, પહેલા જ્યારે પણ કોઈ સ્પોર્ટસ ઈવેન્ટ યોજાતી તો પુરૂષને અલગ રકમર સન્માન અને મહિલાને અલગ સન્માન અપાતું હતું . મુળ ગુજરાતના વતની હોય તેવા ખેલાડીઓ માટે ઓલિમ્પીક રમતોત્સવના કોઈપણ મેડલ વિજેતા તેમજ એશિયાન ગેમ્સના સુવર્ણપદક વિજેતા ગુજરાતના ખેલાડીઓને વર્ગ-૧ અધિકારી તરીકે નિમણુંક - એશિયાન ગેમ્સમાં સિલ્ર અથવા બ્રોન્ઝ મેડલ વિજેતા ગુજરાતના ખેલાડીઓને વર્ગ-૨ અધિકારી તરીકે નિમણુંક કરવામાં આવે છે. સરકારમાં થતી ગૃપ-સી ની કુલ ભરતીમાં લાયક ખેલાડીઓ માટે ૨ ટકા અનામત રાખવામાં આવે છે. ઓલિમ્પિક ગેમ્સ ગોલ્ડ મેડા લિસ્ટને ૫ કરોડ આપવામાં આવે છે.સિલ્વર મેડાલિસ્ટને ૩ કરોડ આપવામાં આવે છે, બ્રોન્ઝ વિજેતાને ૨ કરોડ રૂપિયાર આપવામાં આવે છે.એશિયાન ગેમ્સ વિજેતા ખેલાડીઓને ક્રમશ પ્રથમ નંબર ઉપર ૧ કરોડ, ત્યારબાદ સિલ્વર મેડાલિસ્ટને ૧ કરોડ અને બ્રોન્ઝ મેડાલિસ્ટને ૨૫ લાખ રૂપિયા આપવામાંર આવે છે.ડબલ્સ જેવી ઈવેન્ટમાં અથવા બે ખેલાડીઓની ટીમમાં વિજેતા થનારને વ્યક્તિગત રોકડ પુરસ્કારની ૫૦% રકમ અને ટીમ ઈવેન્ટમાં વ્યક્તિગત રોકડ પુરસ્કારની ૩૩% રકમ આપવામાં આવશે. ગયા વર્ષે જાપાનના ટોક્યોમાં રમાયેલી પેરાલિમ્પિક્સમાં ટેબલ ટેનિસમાં ભાવિના પટેલે સિલ્વર મેડલ જીત્યો હતો. ભાવિના પટેલની આ ઐતિહાસિક સિદ્ધી બાદ તેમના ગુજરાત સરકારે જાહેરાત કરી હતી કે ભાવિના પટેલને ૩ કરોડ રૂપિયા પુરસ્કાર સ્વરૂપે આપવામાં આવે.

# અમદાવાદ-મુંબઈ વચ્ચે વધુ એક વંદે ભારત ટ્રેન દોડશે

## અમદાવાદ-મુંબઈ વચ્ચે રોજ ૩૦ હજાર લોકો મુસાફરી કરે છે : ૨૦થી વધુ ટ્રેન હોવા છતાં વેઈટિંગ લિસ્ટ



અમદાવાદ, તા.૩૧

ગુજરાતને વધુ એક વંદે ભારત ટ્રેનની ભેટ મળવા જઈ રહી છે. એક વર્ષ કરતા ઓછા સમયમાં વંદેભારત ટ્રેનને મળેલા સારા પ્રતિસાદને પગલે આ નિર્ણય લેવાયો છે. હવે અમદાવાદ-મુંબઈ વચ્ચે વધુ એક વંદે ભારત ટ્રેન શરૂ કરાશે. વંદે ભારત ટ્રેનને મળેલા સારા પ્રતિસાદ બાદ અમદાવાદ મુંબઈ વચ્ચે વધુ એક ટ્રેન શરૂ કરવાનો નિર્ણય કરાયો છે. અમદાવાદ-મુંબઈ વચ્ચે દરરોજ ૩૦ હજાર લોકો મુસાફરી કરે છે. ૨૦ થી વધુ ટ્રેન હોવા છતા વેઈટિંગ લિસ્ટ લાંબુલચક જોવા મળે છે. તેથી મુસાફરોની વધતી સંખ્યાથી વંદે ભારત ટ્રેન શરૂ કરી શકાય છે. દિવાળી સુધીમાં નવી ટ્રેન શરૂ થવાની શક્યતાદેખાઈ રહી છે. અમદાવાદ મુંબઈ વચ્ચે મુસાફરોની સૌથી વધુ અવરજવર હોય છે. આ રૂટનીર ટ્રેનોમાં સૌથી વધુ વેઈટિંગ જોવા મળતુ હોય છે. ખાસ કરીને વંદે ભારત ટ્રેન, મુંબઈ સેન્ટ્રલ ગાંધીનગર, શતાબ્દી એક્સપ્રેસ જેવી સુપરફાસ્ટ અને એક્સપ્રેસ ટ્રેનમાં મુસાફરોનો ધસારો વધારે રહે છે. પરંતુ જ્યારથી વંદે ભારત ટ્રેન લોન્ચ થઈ છે, ત્યારથી મુસાફરો આ ટ્રેન ઉપર ડાયવર્ટ થયા છે. લોકોની પહેલી પસંદગી વંદે ભારત ટ્રેન બની છે. તેથી આ પ્રતિસાદને જોતા જ પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ મુંબઈ વચ્ચે વધુ એક વંદેભારત ટ્રેન શરૂ કરવાની વિચારણા ચાલી રહી છે. જો બધુ સમુસૂતરૂ પારર પડ્યુ તો દિવાળી સુધી ટ્રેન શરૂ થઈ જશે. વંદેભારતની આ ટ્રેન ગાંધીનગરથી બપોરે ૨.૦૫ કલાકે અમદાવાદથી નીકળીને રાતે ૮.૨૫ કલાકે મુંબઈ સેન્ટ્રલ પહોંચશે. તમને જણાવી દઈએ કે, આગામી ૪ સપ્ટેમ્બર સુધી વંદે ભારત ટ્રેનમાં ૭૩ જેટલુ વેઈટિંગ છે.

# મૃત્યુના સમયે કરવામાં આવેલી ઘોષણાઓ હંમેશા દોષિત ઠેરવવા માટે એકમાત્ર આધાર ન હોઈ શકે : સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી તા.૩૧

ઉત્તરપ્રદેશના એક વ્યક્તિને ૨૦૧૪માં ત્રણ લોકોની હત્યા માટે દોષિત ઠેરવવામાં આવ્યો હતો અને તેને મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટ આ અરજીની સુનાવણી કરી રહી હતી ત્યારે તેણે કહ્યું કે હત્યાનો ભોગ બનેલી વ્યક્તિની મૃત્યુ સમયની ઘોષણાઓ આરોપીને દોષિત ઠેરવવાનો એકમાત્ર આધાર ન હોઈ શકે. કેસોમાં આ નિવેદનની સત્યતાના સંદર્ભમાં શંકા ઊભી થઈ શકે છે. મૃત્યુની ઘોષણાઓ પર આધાર રાખતી વખતે ''સાવધાની'' રાખવાનું કહેતા તેણે કહ્યું કે, અદાલતે મૃત્યુની ઘોષણાઓ પરના કાયદાકીય સિદ્ધાંત સાથે વ્યવહાર કર્યો અને એવી માન્યતાને સ્પષ્ટ કરી કે મૃત્યુશૈયા પર વ્યક્તિ જૂઠું બોલશે નહીં. મૃત્યુની ઘોષણા સત્ય હોવાનું અનુમાન કરતી વખતે, તે સંપૂર્ણ વિશ્વસનીય હોવી જોઈએ અને જો તેની સત્યતા ઉપર કોઈ શંકા હોય. અથવા રેકોર્ડ ઉપરના પુરાવા દર્શાવે છે કે મૃત્યુની ઘોષણા સાચી નથી તો પછી તે માત્ર પુરાવાના ભાગ તરીકે ગણવામાં આવશે પરંતુ તે દોષિત ઠરાવવા માટેનો એકમાત્ર આધાર હોઈ શકે નહીં. મૃત્યુ સમયની ઘોષણાઓ ત્યારે જ સ્વીકારવામાં આવી શકે છે જ્યારે તે હત્યાનો ભોગ બનનાર સભાન અવસ્થામાં હોય. જસ્ટિસ બીઆર ગવઈ, જેબી પારડીવાલા અને પ્રશાંત કુમાર મિશ્રાની બેન્ચે, આ વ્યક્તિના પોતાના પુત્ર ઈસ્લામુદીન અને બે ભાઈઓની હત્યા માટે દોષિત ઠર્યા બાદ છેલ્લા આઠ વર્ષથી જેલમાં રહેલા ઈરફાનની અરજી ઉપર સુનાવણી કરી ત્યારે સુપ્રીમ કોર્ટ દ્વારા આ અવલોકનો કરવામાં આવ્યા હતા. નીચલી અદાલતે ઈરફાનને દોષિત ઠેરવવા માટે મૃત્યુની ઘોષણાઓ ઉપર આધાર રાખ્યો હતો. ૨૦૧૮માં અલ્હાબાદ હાઈકોર્ટ દ્વારા કોઈ વિસંગતતા ન મળ્યા પછી તેની સજાને યથાવત રાખવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે કહ્યું કે તે સંતુષ્ટ નથી કે ફરિયાદ પક્ષે તેનો કેસ વાજબી શંકાની બહાર સાબિત કર્યો છે અને ઈરફાનને તાત્કાલિક મુક્ત કરવાનો આદેશ આપ્યો છે. કોર્ટે વરિષ્ઠ એડવોકેટ ગોપાલ શંકરનારાયણનની દલીલ સ્વીકારી હતી કે જ્યારે પુરુષો ૮૦ ટકા દાઝી ગયા હતા ત્યારે તેમના દ્વારા આ ઘોષણા કરવામાં આવી હતી અને તેમની 'માનસિક સ્થિતિ' ઉપર પ્રશ્નાર્થ હતો. કોર્ટે સ્વીકાર્યું છે કે મૃત્યુની ઘોષણાઓ ઉપરના ન્યાયિક સિદ્ધાંત ''જ્યારે કોઈ વ્યક્તિની જીવિત રહેવાની દરેક આશા અદશ્ય થઈ જાય છે ત્યારે માણસ માત્ર સત્ય બોલવા માટે પ્રેરિત થાય છે'' એવી ધારણા ઉપર આધારિત છે. આ મુદ્દાઓને ધ્યાનમાં રાખીને, સર્વોચ્ચ અદાલત સૂચવે છે કે મૃત્યુની ઘોષણાઓ પર નિર્ણય લેવા માટે કોઈ 'સખત અને ઝડપી નિયમ' નથી પરંતુ તમામ કેસોમાં ચોક્કસ મુદ્દાઓ ધ્યાનમાં રાખવાની જરૂર છે. તે આ છે :

૧. શું નિવેદન આપનાર વ્યક્તિનું મૃત્યુ નિશ્ચિત છે

૨. નિવેદન શક્ય તેટલી વહેલી તકે કરવામાં આવ્યું હતું

૩. શું આવી ઘોષણા કરનાર વ્યક્તિને કઈ શીખવવામાં આવ્યું હતું અથવા તેને કઈ પૂછવામાં આવ્યું હતું, પછી ભલે તે પોલીસ અથવા અન્ય પક્ષ દ્વારા હોય

૪. શું નિવેદન યોગ્ય રીતે નોંધવામાં આવ્યું હતું

૫. શું નિવેદન આપનાર વ્યક્તિએ પ્રશ્નમાંની ઘટનાનું સ્પષ્ટપણે અવલોકન કર્યું હતું

૬. મૃત્યુની ઘોષણામાં ઘટનાઓનો ક્રમ સમગ્ર લખાણમાં સુસંગત છે

૭. આ ઘોષણા સ્વૈચ્છિક રીતે કરવામાં આવી હતી

૮. બહુવિધ ઘોષણાઓના કિસ્સામાં, પ્રથમ અન્ય લોકો દ્વારા વિગતવાર ઘટનાઓ સાથે સુસંગત છે

૯. શું ઘોષણા કરનાર વ્યક્તિ પોતાની ઈજાઓને જોતા પોતાની જાતે આ ઘોષણા કરી હતી.

# કેશોદ તાલુકા કક્ષા શાળાકીય રમતોત્સવ આદર્શ નિવાસી શાળા ખાતે સંપન્ન





(ગોવિંદ હડીયા દ્વારા)

કેશોદ, તા.૩૧

કેશોદ તાલુકાની ગાર્ડી વિદ્યાલય મેસવાણ ખાતે કબડ્ડી સ્પર્ધાના પ્રારંભ બાદ આદર્શ વિદ્યાલય કોયલાણાં ખાતે તાલુકા કક્ષાની ખો ખો રમત અને આદર્શ નિવાસી શાળાના પટાંગણમાં વોલીબોલ અને તમામ વય જૂથના ભાઈઓ-બહેનો માટે એથલેટિક્સ રમતની અલગ અલગ ઈવેન્ટનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત અને જિલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી જૂનાગઢ દ્વારા આયોજિત શાળાકીય રમતોત્સવ -૨૦૨૩-૨૪ અંતર્ગત કેશોદ તાલુકા કક્ષાની અન્ડર ૧૪, અન્ડર ૧૭ અને અન્ડર ૧૯ વર્ષ વય જૂથના ખેલાડીઓ માટે ભવ્ય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું.જેમાં કેશોદ તાલુકાની પ્રાથમિક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ખૂબ બહોળી સંખ્યામાં વિદ્યાર્થી ભાઈઓ-બહેનો ભાગ લઈ ઉત્સાહિત થયા હતા.

રમતોત્સવના ઉદઘાટન પ્રસંગે જિલ્લા રમત વિકાસ અધિકારી ગૌરાંગ નરે, અમેરીકા સ્થિત ડો.સી. ડી. લાડાણી, પટેલ વિદ્યાર્થી આશ્રમના પ્રમુખ જયેશભાઈ લાડાણી, ભરતભાઈ વડારીયા ભગવાનજીભાઈ દેત્રોજા, આચાર્ય જે. બી. હુંબલ અને ભગવાનજી દેવળીયા, દિનેશ મોરી, ભાવેશ ઝાલા ઉપસ્થિત રહ્યા હતા. જયારે કોયલાણા ખાતે યોજાયેલ ખો ખો સ્પર્ધામાં પ્રિન્સિપાલ એચ. વી.ગોસ્વામી, ન્યૂ એરાના ટ્રસ્ટી મહેશભાઈ બુટાણી, જુદી જુદી શાળાનાં આચાર્યઓ, કોયલાણા હાઈસ્કુલના સર્વ સ્ટાફગણે ખેલાડીઓને ઉત્સાહ વધાર્યો હતો. વોલીબોલ અને એથલેટિક્સ સ્પર્ધામાં આદર્શ નિવાસી શાળાના આચાર્ય એમ. ડી. દાહીંમાં પીપળી સ્કૂલના નવ નિયુક્ત આચાર્ય રામસિંહભાઈ પરમાર, એચ એસ. મૂછાળ, જૂદી જૂદી શાળાના ટીમ મેનેજર અને આદર્શ નિવાસી શાળાના સમગ્ર સ્ટાફ, ખેલાડીઓના વાલીગણ વગેરેએ ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ખેલાડીઓને પ્રોત્સાહન પુરૂ પાડેલ. તાલુકા કક્ષાની આ સ્પર્ધાઓમાં પસંદગી પામેલ વિજેતા ખેલાડી ભાઈઓ અને બહેનો આગામી દિવસોમાં જિલ્લા કક્ષાએ ભાગ લઈ પોતાનું કૌવત બતાવશે. કેશોદ તાલુકાની જૂદી જૂદી શાળાઓએ વિદ્યાર્થીઓને ખૂબ બહોળી સંખ્યામાં ભાગ લેવડાવી બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવવા પ્રયત્નશીલ આવી તમામ શાળાઓને જિલ્લા રમત વિકાસ અધિકારી ગૌરાંગ નરે અને કન્વિનર ડો.હમિરસિંહ વાળાએ અભિનંદન પાઠવેલ. કેશોદ તાલુકા અને જૂનાગઢ જિલ્લામાં રમત ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને સફળ આયોજન કરી મહત્તમ શાળાઓ અને વિદ્યાર્થીઓ ભાગ લઈ રમત ગમત ક્ષેત્રે પોતાની કારકીર્દી બનાવી શકે તે માટે સતત પ્રયત્નશીલ રહેતા કેશોદ તાલુકાના કન્વીનર ડો.હમીરસિંહ વાળાના માર્ગદર્શનમા નિર્ણાયક તરીકે તાલુકાના વ્યાયામ શિક્ષકની ટીમ જે.એસ.ભારવાડીયા, શૈલેષ પરમાર, હમીર બારડ, આર. બી. ચુડાસમા, એ.જી.બોરીસાગર, ભાનુબેન ડોબરીયા, પી.એન.ભાડજા, દિપ્તિશ દેલવાડિયા, એલ. એમ.ડાંગર, બાલાસરા અને ઈન સ્કુલના ટ્રેનર વિજય વાળા, અજય ઠાકોરે સફળ આયોજન માટે જહેમત ઉઠાવી હતી.

# ગીર સોમનાથ દરીયા કિનારે હજારો માછીમાર પરીવારોએ દરીયાદેવનું પૂજન-અર્ચન કરી નારીયેળી પૂનમની ઉજવણી કરી

## દરીયાદેવને નારીયળ પધરાવી માછીમાર રોજગારીમાં સમૃધ્ધી આપવા અને રક્ષણ કરવાની પ્રાર્થના કરી


(મીનાક્ષી ભાસ્કર વૈદ્ય દ્વારા)

પ્રભાસ પાટણ, તા.૩૧

સાગર ખેડુઓ માટે મહત્વના ઉત્સવ સમાન નારીયેળી પૂનમ સોમનાથ-વેરાવળ અને જીલ્લાના સમગ્ર નાના-મોટા બંદરોએ યોજાઈ. વહેલી સવારથી જ નવા કપડા, આભુષણો પહેરી પુજાપા થાળ, અબિલ ગુલાલ, ફુલના હારો, અગરબતી, દિવા, ફ્રુટ, પ્રસાદ સાથે ભીડ ભંજન પાસેના દરીયા કિનારે પહોંચી જઈ માતાજીના મંદિરે પૂજા-દર્શન કરી ગોર મહારાજોએ વિધિવત દરીયાદેવની પૂજા કરાવી. ભીડીયાથી છે ક વેરાવળ બંદર જેટી સુધનો આખો કિનારો આ પૂજનમાં ભાગ લેવા આવ્યા હતા અને સમગ્ર માહોલ દિવાળી જેવો હતો. અવાર નવાર આતશબાજી અને દરીયાદેવનો જય જયકાર કરાતો હતો. પ્રત્યેક પરીવારે કળશ અને તેની ઉપર શ્રીફળ રાખી નાતના પટેલો, વડીલોન ઉપસ્થિતિમાં દરીયાદેવનો પ્રાર્થના કરી શ્રીફળને દરીયામાં પધરાવ્યું હતું.







ભીડીયા ખારવા સમાજના અગ્રણી પરેશ કોટીયાએ જણાવ્યું હતું કે, આજથી અમારી સીઝન વિધીવત શરૂ થઈ અને દરીયો ખેડવા અમોએ પ્રસ્થાન કર્યુ. આજની પૂજામાં પટેલ છગનભાઈ દરી, બોટ એસોસીએશન પ્રમુખ રમેશ ડાલકી અને અગ્રણી રતિલાલ ગોહેલ સહિત વિશાળ સમુદાયે દરીયાદેવનું પૂજન કર્યુ હતું અને પ્રાર્થના કરી કે, હે દરીયા દેવ અમારા પરીવારનો હેમખેમ કુશળ રાખજો, માછીમારી રોજગારીમાં સમૃધ્ધી આપી અમારૂ અને પરીવારનું રક્ષણ કરજો. આ પ્રસંગેની પૂર્ણાહુતિ થયા બાદ ઢોલ શરણાઈ સાથે સર્વ સમુહો દેવળ મંદિરે જઈ ત્યાં દર્શન અને યુવાનો અરસ પરસ શુભેચ્છાઓ, વડીલોના આર્શીવાદ અને સંતો, ગોરબાપાના આર્શીવાદ મેળવી દરીયો ખેડવા શરૂ કર્યુ. પ્રાચીન સમયથી ચાલી આવતી આ પરંપરા અંગે વિદ્વાનોએ કહ્યું છે કે, જુના જમાનામાં માલ લાવતા અને લઈ જતા વાહણોને કોઈ નુકશાન ન થાય તેવો ભાવ આ સમુદ્ર પૂજન પાછળ છે. સૌએ ઉત્સાહમય અને દરીયાદેવ પૂજામય હતા જે સાગરખેડૂ સમાજની આજીવીકા - જીવાદોરી અને દેશના અર્થતંત્રની મખ્ય ધારા છે. વેરાવળ બંદર અધિકારી વી.કે. ગોહિલે જણાવ્યું કે, ગીર સોમનાથ જીલ્લામાં ૬૫૦૦ બોટો છે અન્ય નાની બોટો અલગ છે.

# શ્રીજી દિવ્યાંગ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત દિવ્યાંગો માટેની સંસ્થા ખાતે રક્ષાબંધન પર્વની ઉજવણી

જૂનાગઢ, તા.૩૧

શ્રીજી દિવ્યાંગ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત અતિગંભીર દિવ્યાંગો માટે ની સંસ્થા વંથલી રોડ મેંદરડા મુકામે કાર્યરત છે જેમાં ૨૧ જેટલા બાળકો આસયથાન લઈ રહેલ છે તેમાં અમુક બાળકો માતા-પિતા વીનાના છે. આ સંસ્થા ખાતે રક્ષાબંધન પર્વ નિમિત્તે દિવ્યાંગ બાળકોની બેન બનીને જીલ્લા પ્રમુખ મહીલા મોરચાના



શિલ્પાબેન ટાંક દ્વારા રાખડીઓ બાંધીને ઉજવણી કરવામાં આવી હતી.

# સુત્રાપાડાના ધામળેજ ગામે માછીમારો દ્વારા દરિયાઈ દેવને પૂજન કરી નારિયેળી પૂર્ણિમાની થયેલ ઉજવણી

(ભોળા જાદવ દ્વારા)

લોઢવા, તા.૩૧

સુત્રાપાડા તાલુકા દરિયાકાંઠે વસેલ ગામડાઓમાં રહેતા અને દરિયોખેડી જીવન નિર્વાહ ચલાવતા માછીમાર પરિવારો દ્વારા દર વર્ષે શ્રાવણસુદ પૂર્ણિમા-નાળીયેરી પૂનમે સમુદ્રનું પૂજન કરી દરિયો ખેડવાનો પ્રારંભ કરતાં હોય છે જે અંતર્ગત આ વર્ષે સુત્રાપાડા તાલુકાનાં ધામળેજ ગામનાં માછીમાર પરિવારો દ્વારા દરિયાનું પૂજન કરવામાં આવ્યું હતું. હજુ પણ સુત્રાપાડાના દરિયાકાંઠે આવેલાં અનેક ગામડાઓમાં વસતા કેટલાક પરિવારોએ પેઢી દર પેઢીનો વ્યવસાયી વારસો અકબંધ જાળવી રાખ્યો છે ત્યારે સુત્રાપાડા તાલુકાનાં ધામળેજ ગામે વસતાં કેટલાક માછીમાર પરિવારો આ વ્યવસાય સાથે આજે પણ જોતરાયેલા હોય આથી દર વર્ષે શ્રાવણી પૂનમ કે જે માછીમારોમાં નાળીયેરી પૂનમ તરીકે ઓળખાય છે આ દિને માછીમારો પોતાના ઘરે ખીરનો પ્રસાદ તૈયાર કરી સહ પરિવાર દરિયાકાંઠે પહોંચે છે જયાં નૈવેદ્ય તરીકે ખીરના પ્રસાદનો ચડાવો ચડાવી સમુદ્રમાં નાળીયેર, ચૂંદડી, મોડીયો, અક્ષત, પૂષ્પ વગેરે દ્રવ્યો પધરાવી દરિયાદેવને પ્રાર્થનાઓ કરી રક્ષણની કામનાઓ કરે છે. ત્યારબાદ વિવિધ રક્ષાબંધનનો તહેવાર ઉજવવામાં આવે છે. ધામળેજ ગામના માછીમાર પરીવારો દ્વારા દરિયામાં ભરતી આવ્યે પૂજા-સામગ્રી સાથે સમુદ્ર તટે પહોંચ્યા હતા. જયાં પ્રથમ દરિયાદેવનું પૂજન કર્યા બાદ હોડીઓની પૂજા કરી હાર-તોરાથી શણગારવામાં આવી હતી અને શુભ મહૂર્તમાં દરિયો ખેડવાનો પ્રારંભ કર્યો હતો. ધામળેજ ગામના સાગર ખેડૂત રામભાઈ સોલંકી જણાવ્યું હતું કે, દર વર્ષે ચોમાસાનો પ્રારંભ થયે સૌપ્રથમ ચોમાસું દરિયામાં બેસે છે ત્યારબાદ નૈઋત્યનું ચોમાસું તટ તરફ ગતિ કરે છે. આ ચોમાસાના ચાર માસ દરિયિદેવ ઉગ્ર સ્વરૂપે હોય છે પરંતુ આ ઉગ્ર સ્વરૂપને સૌમ્ય રૂપ બનાવવા દર વર્ષે નાળીયેરી પૂનમે માછીમારો રત્નાકરની સ્તુતિ વંદના કરી રત્નાકરને પ્રિય ભોગ ખીરનો ભોગ ધરે છે અને




શ્રીફળ ચૂંદડી, મોડીયો ચડાવવાથી ભગવાન રત્નાકર શાંત બની જાય છે અને જયારે દરિયો ખેડવા જઈએ ત્યારે દરિયાદેવ અમારૂં રક્ષણ કરે છે. આથી વર્ષોથી આ લૌકિક પરંપરા અકબંધ છે. આતકે માછીમાર સમાજના અગ્રણી રામભાઈ સોલંકી, જિલ્લા પંચાયતના સદસ્ય અરશીભાઈ ચાવડા સહિતના પટેલો અને યુવાનો હાજર રહ્યા હતા.


## લોકમેળાની મજા માણવા સૌરાષ્ટ્ર-કચ્છ પ્રદેશની ઉત્સવ પ્રિય પ્રજાનું લોકજીવન ધબકે છે

# રાજકોટ, ઈશ્વરિયા, ઘેલા સોમનાથ, ભવનાથ, પરબવાવડી, તરણેતર, પીંડારા, ભૂચરમોરી, ઈન્દ્રેશ્વર, ઢેબરિયો, રવેચી, માધવપુર ઘેડના જગમશહૂર મેળાઓ









## તરણેતરનો મેળો જીવનસાથીની પસંદગી અને ગ્રામીણ ઓલિમ્પીકસ, પીંડારાનો મેળો મલ્લ કુસ્તી, માધવપુરનો આંતરરાષ્ટ્રીય મેળો કૃષ્ણ-રૂક્ષ્મણી વિવાહ, ભવનાથ મેળો દિગંબર બાવાઓ માટે પ્રખ્યાત : મેળાઓમાં રાજયસરકાર દ્વારા તૈયાર કરાવાતા તંબુઓ, રાવટીઓ, ભુંગા, ઝૂંપડીઓ

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૩૧

સૌરાષ્ટ્ર-કચ્છની પ્રજાની ઉત્સવ પ્રિયતાનો અંદાજ આ પ્રદેશમાં યોજાતા ઉત્સવો, લોકમેળા(મોટાભાગે શ્રાવણ-ભાદરવામાં યોજાતા) દ્વારા પિછાણી શકાય છે. લોકમેળાના આયોજન માટે ધાર્મિક અને સાંસ્કૃતિક મનોરંજનના પરિબળો અગત્યના છે. સૌરાષ્ટ્રમાં કેટલાંક પ્રખ્યાત મેળાઓમાં હૈયે હૈયું દળાય તેટલો માનવ મહેરામણ ઉમટી પડે છે. આવા જ કેટલાક જાણીતા લોકમેળાઓની જાણકારી અત્રે પ્રસ્તુત છે. રાજકોટમાં ૧૯૮૩થી શાસ્ત્રી મેદાનમાં અને હવે રેસકોર્ષ મેદાનમાં જિલ્લા વહિવટી તંત્ર દ્વારા શ્રાવણ માસમાં પાંચ દિવસનો લોકમેળો યોજાય છે, જેમાં રાઈડસ(ફજર ફાળકા), ખાણીપીણીના નાના-મોટા ધંધાર્થીઓને રોજગારી મળી રહે છે. આ લોકમેળાની આવક લોક-કલ્યાણના કામો માટે વાપરવામાં આવે છે. સૌરાષ્ટ્રભરમાંથી લાખો લોકો આ લોકમેળો માણવા ઉમટી પડે છે. મેળા દરમ્યન સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાય છે. તો રાજકોટથી ૧૦ કિમી દૂર માધાપર પાસે ઈશ્વરિયા મહાદેવ મંદિરે પણ શ્રાવણ માસમાં મેળો ભરાય છે. આ મંદિર પ્રકૃતિ અને ધર્મનું અનેરા સંગમ સમું છે. રાજકોટથી ૬૦ કિ.મી. દૂર જડેશ્વર મહાદેવ અને ૭૬ કિ.મી. દૂર ઘેલા સોમનાથ મંદિરે પણ શ્રાવણી મેળાની મજા લૂંટવા ઉત્સવપ્રેમી નાગરિકો ઉમટી પડે છે. ગરવા ગિરનારની ગોદમાં ભવનાથ મંદિરે દર વર્ષે યોજાતો મહાશિવરાત્રિનો મેળો જૂનાગઢની આગવી ઓળખ સમો છે. ભજન-ભોજન-ભકિત સાથે મહાશિવરાત્રિની રાત્રે નીકળતી દિગંબર સાધુઓની રવેડીના દર્શનાર્થે લોકોના ટોળાં ઉમટી પડે છે. લોકવાયકા મુજબ આ રવેડીમાં ખુદ ભગવાન ભોળાનાથ પધારે છે. દેશ-વિદેશમાંથી બહોળી સંખ્યામાં લોકો શિવરાત્રિનો લોકમેળો માણવા આવતાં હોય છે. દર વર્ષે કાર્તિક સુદ અગિયારસથી પૂનમ સુધી ગિરનારની ૧૬ ગાઉની પ્રદક્ષિણા યાત્રાનું આયોજન થાય છે. જેમાં શ્રધ્ધાળુઓ હોંશભેર જોડાય છે. જૂનાગઢથી ૪૦ કિ.મી. દૂર આવેલ ભેંસાણ તાલુકાના પરબધામ (પરબવાવડી)માં રકતપિત્તના દર્દીઓની સેવા કરી ચૂકેલા સંતશ્રી દેવીદાસનું સમાધિસ્થાન છે. દર વર્ષે અષાઢી બીજ નિમિત્તે લોકમેળો ભરાય છે. સુરેન્દ્રનગરથી ૯૫ કિ.મી. દૂર આવેલા પાંચાળ પંથકમાં તરણેતર ગામ નજીક આવેલા ત્રિનેત્રેશ્વર મંદિર લોકોની આસ્થાનું સ્થાનક છે. દ્રૌપદીનો સ્વયંવર આ જગ્યાએ રચાયો હતો. અર્જૂને પોતાની બાણ વિદ્યાની કુશળતાનો પરિચય આ સ્થળે જ આપ્યો હતો. અને દ્રૌપદીને મેળવી હતી. અહીંના કુંડમાં બ્રહમાજીએ ભગવાન મહાદેવની ઉપાસના કરી હતી. તરણેતરના મેળામાં સૌરાષ્ટ્ર પ્રદેશનું લોકજીવન ધબકતું જણાઈ આવે છે. રંગબેરંગી પરંપરાગત પોશાકો પહેરીને મેળો મહાલતા યુવાનોને જોવો એક લ્હાવો છે. આ મેળો આદિવાસી યુવતીઓ માટે ‘મનનો માણિગર’ને યુવકોને ‘મનગમતી માનુની’ મેળવી લેવાનો અવસર પૂરો પાડે છે. હાલના બદલાયેલા સંજોગોમાં ગુજરાત સરકારે આ મેળાઓની અગત્ય સ્વીકારી છે, જેના ભાગરૂપે જગમશહુર મેળામાં કામચલાઉ નિવાસ રૂપે તંબુઓ, રાવટીઓ તથા માટી-છાણની બનાવેલી ઝૂંપડીઓ તૈયાર કરાવે છે. જેમાં જરૂરી સગવડો પણ હોય છે. ગ્રામીણ ઓલિમ્પિકસ આ પણ મેળામાં યોજાય છે. જામનગરના ઈતિહાસમાં લડાયેલા યુધ્ધોમાં ભૂચરમોરીનું યુધ્ધ વિશેષ મહત્વ ધરાવે છે. આ યુધ્ધ કોઈ સત્તા લાલસા માટે નહીં પરંતુ શરણાગત ધર્મની રક્ષા માટે લડાયુ હતું. હાલારના કુંવર સહિત અનેક શુરવીરોએ પોતાના પ્રાણની આહુતિ આપી હતી. જામનગરથી ૩૮ કિ.મી. દૂર ધ્રોલ પાસે શ્રાવણ વદ તેરસ, ચૌદશ અને અમાસના દિવસે આ મેળો ભરાય છે. જામનગરથી ૩૬ કિ.મી. દૂર આવેલા કાલાવડ પાસે નવા રણુજા ગામે હિન્દવા પીર ગણાતા રામદેવજી મહારાજનું ભવ્ય મંદિર આવેલુ છે. અહીં પણ મોટો લોકમેળો ભરાય છે. દ્વારકા પાસેના શિવરાજપુરમાં તથા કલ્યાણપુર તાલુકાના પીંડારા કે જયાં પાંડવોએ ૧૦૮ પિંડ તરાવ્યા હતા. આ બંને સ્થળોએ મલ્લ કુસ્તી મેળા યોજાય છે. ભાણવડ પાસેના ઈન્દ્રેશ્વર મંદિર કે જે ત્રણ નદીનું સંગમ સ્થળ છે ત્યાં શ્રાવણી અમાસ ઉપર ત્રણ દિવસનો મેળો ભરાય છે. પોરબંદરથી ૬૦ કિમિ દૂર માધવપુર ઘેડમાં દર વર્ષે ચૈત્ર સુદ નોમથી તેરસ સુધી મેળો ભરાય છે. આ મેળો ભગવાન શ્રીકૃષ્ણ-રૂક્ષ્મણિના લગ્ન નિમિત્તે યોજાય છે, જેમાં અશ્વ દોડ, ઉંટ દોડ વગેર સ્પર્ધા યોજાય છે. રાજય સરકાર વર્ષ-૨૦૨૨થી આ મેળાની આંતરરાષ્ટ્રીય લોકમેળા તરીકે ઉજવણી કરી રહી છે. પોરબંદરથી ૨૭ કિ.મી.ના અંતરે આવેલા વિસાવડા ગામે દર વર્ષે જન્માષ્ટમીના દિવસે મોટો મેળો ભરાય છે. કહેવાય છે કે ભગવાન શ્રી કૃષ્ણે મથુરાથી દ્વારકા જતી વખતે અહીં વિસામો લીધો હતો. એની સ્મૃતિરૂપે મૂળ દ્વારકાના આ મંદિરમાં ભગવાને શ્રી કૃષ્ણની પાદુકા છે. પોરબંદર જિલ્લાના કુછડી ખાતે આવેલ ખીમેશ્વર શિવ મંદિરમાં શ્રાવણ માસમાં દર સોમવારે મેળો ભરાય છે. કહેવાય છે કે અહીં પાંડવોએ નિવાસ કર્યો હતો. પાલિતાણાના શેત્રુંજય પર્વત ઉપર ફાગણ સુદ પૂનમનો ઢેબરિયો મેળો છ ગાઉ યાત્રા પ્રસંગે ભરાય છે. તો ભાવનગર જિલ્લાના તળાજાથી ૨૨ કિ.મી. દૂર સાગર તટે આવેલા ગોપનાથ મંદિરે ગુજરાતના આદિ કવિ ભકત નરસિંહ મહેતાને પિનાકપાણી શંકરનો સાક્ષાત્કાર થયો હતો ત્યાં શ્રાવણી મેળો ભરાય છે. રણોત્સવની જેમ કચ્છ તેના મેળાઓ માટે પણ જાણીતું છે. જેમાં હાજીપીરનો મેળો, વાગડ રવેચીનો મેળો, ગરીબદાસજીનો મેળો જાણીતા છે. આ સિવાય વરૂણદાદા, માયભીભી, દતાત્રેયજી, મેકરણ દાદા, અબડા, રૂકનશાપીર, મતિયાપીર, શીતળા માતા, મામાઈ દેવ, જોગણી માયના મેળા પણ માણવા જેવા હોય છે. કોમી એકતાના પ્રતિક સમા હાજીપીરનો મેળો ચૈત્ર માસના પ્રથમ સોમવારે દર વર્ષે ઉજવાય છે, જેમાં માનવ મહેરામણ ઉમટી પડે છે. ભાદરવા સુદ આઠમે ભુજથી ૧૭૫ કિ.મી. દૂર આવેલ રવેચી માતાજીના મંદિરે મોટો મેળો ભરાય છે, જેમાં ગ્રામજનો પોતાના વાહનો - પશુઓને શણગારીને, રંગબેરંગી ભરતકામ, આભલાકામના વસ્ત્રો પહેરી મેળાની મઝા લૂંટે છે. પાંડવોએ પોતાના વનવાસનું છેલ્લું વર્ષ અહીં વિતાવ્યુ હતું. ભુજથી ૬૪ કિમિના અંતરે આવેલા ધીણોધર ડુંગર ઉપર દાદા ધોરમનાથે સોપારી પર ઉંધા માથે ૧૨ વર્ષ તપસ્યા કરી હતી. અહીં ફાગણ સુદ ચોથ-પાંચમના પ્રખ્યાત મેળો યોજાય છે.

# શ્રી સ્વામીનારાયણ મુખ્ય મંદિર ખાતે આજે પૂનમના દિવસે મોટી સંખ્યામાં ભાવિકોએ લીધો દર્શનનો લાભ



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૩૧

જૂનાગઢમાં જવાહર રોડ ઉપર આવેલા શ્રી સ્વામીનારાયણ મુખ્ય મંદિર ખાતે આજે શ્રાવણ માસ પર્વ પ્રસંગે ખાસ કરીને આજે પૂનમના પર્વને મનાવવામાં આવી રહેલ હોય સવારમાં જ ધ્વજારોહણ તેમજ વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા અને પૂનમ ભરતા ભાવિકોએ દર્શનનો લાભ લીધો હતો. મુખ્ય કોઠારી સ્વામી પ્રેમસ્વરૂપદાસજી, ચેરમેન દેવનંદન સ્વામીજી તેમજ પી.પી. સ્વામીના માર્ગદર્શન હેઠળ ભાવિકો માટે દર્શન તેમજ પ્રસાદની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી.

# માંગરોળમાં રહેણાંક મકાનના ફળીયામાં કાળા રંગનો પદાર્થ નીકળતા ભારે કુતુહલ





(નિલેશ રાજપરા દ્વારા) માંગરોળ તા.૩૧

માંગરોળમાં રહેણાંક મકાનના ફળીયામાંથી કાળા રંગનો પદાર્થ નિકળતા ભારે કુતૂહલ સર્જાયું હતું. આ વાત વાયુવેગે પ્રસરતા સ્થળ ઉપર લોકોના ટોળા ઉમટી પડ્યા હતા. મામલતદારે સ્થળ તપાસ કરી જી.કલેકટરને અહેવાલ મોકલ્યો છે. જો કે ઉચ્ચકક્ષાએથી ટીમ આવ્યા બાદ, નમુનાના પૃથક્કરણ સહિતની કાર્યવાહી પછી જ આ પદાર્થ શું છે ? તે સ્પષ્ટ થશે.

શહેરના પોરબંદર - વેરાવળ બાયપાસ પર જેતખમ ચોકડી પાસે ઈબ્રાહીમ મહંમદભાઈ કાદુનું મકાન આવેલું છે. જ્યાં આજે સવારે રહેવાસીઓને ફળીયામાં તિરાડો અને છીદ્રો જોવા મળ્યાં હતાં. આ ઉપરાંત ડામરની કાંકરી જેવો દેખાતો પદાર્થ નજરે પડ્યો હતો. જમીનમાંથી નીકળી દ્રવ્ય દિવાલ અને ડેલા પર પણ ચોંટી ગયાના નિશાન દેખાતા હતા. ગભરાયેલા પરિવારે આગેવાનોને જાણ કરી હતી. દરમ્યાન ભૂગર્ભમાં ભેદી હલચલ, જમીનમાંથી લાવા, ડામર જેવી કાંકરીઓ, ગરમ દ્રવ્ય બહાર આવ્યાની વાતો વચ્ચે અનેક તર્ક વિતર્કો શરૂ થતાં ઘટના સ્થળે લોકોના ટોળા ઉમટી પડ્યા હતા. દરમ્યાન મામલતદારને જાણ કરાતા તેઓ પણ દોડી આવ્યા હતા. હાલના તબક્કે આ ઘટના તેમજ બહાર આવેલા પદાર્થ અંગે કોઈ સ્પષ્ટ તારણ નિકળ્યું નથી. તપાસ બાદ જ ખરી હકીકત માલૂમ પડશે.

# દ્વારકાધીશ મંદિર સુરક્ષાના પોલીસ અધિકારી નિર્મિત કાળિયા ઠાકોરનું ગીત રીલ કરાયું






(કુંજન રાડીયા દ્વારા) જામ ખંભાળિયા, તા.૩૧

દેવભૂમિ દ્વારકાના જગત મંદિર ખાતે સુરક્ષા વ્યવસ્થાના અધિકારી તરીકે ફરજ બજાવતા પી.આઈ. દેસાઈ દ્વારા કૃષ્ણ ભક્તિથી પ્રેરાઈને ભગવાન શ્રીકૃષ્ણ ઉપર ખાસ ગીત લખવામાં આવ્યું હતું. જેને પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલા દ્વારકાધીશ મંદિરમાં ખાતે છેલ્લા આશરે દોઢેક માસથી સુરક્ષાની જવાબદારી સંભાળતા પી.આઈ. સી.એલ. દેસાઈને છેલ્લા ઘણા સમયથી વિવિધ પ્રકારના લેખનનો શોખ છે. ત્યારે સાહિત્ય પ્રેમી તેમજ લેખક એવા પી.આઈ. ચેતન દેસાઈને થોડા સમય પૂર્વે ભગવાન શ્રી દ્વારકાધીશ મંદિરની સુરક્ષા વ્યવસ્થા સમયે કાળિયા ઠાકોર પર એક ગીત લખવાની પ્રેરણા થતા તેમણે ભક્તિસભર શબ્દો સાથે "તારા દ્વારે ઉભો દ્વારકાધીશ" શીર્ષક સાથેના સુંદર ગીતની રચના કરી હતી.

આ ગીત તેમના એક કલાકાર મિત્રને ગમતા બરોડા સ્થિત ગાયક કલાકાર પિયુદાન ગઢવીએ તેમની આ કૃતિને સ્વર આપી, આ ગીત માટે અમદાવાદ ખાતે રહેતા સંગીતકાર હર્ષિલ રાણપુરાના સંગીત સાથે અંતે કર્ણપ્રિય એવા આ ગીતની રચના થઈ હતી.

ભગવાન શ્રીકૃષ્ણના મહાપર્વ એવા જન્માષ્ટમીને આડે હવે થોડા જ દિવસો છે, ત્યારે દ્વારકાધીશ મંદિર સુરક્ષાના અધિકારી ચેતન દેસાઈ દ્વારા તૈયાર કરવામાં આવેલી સુંદર કૃતિને કેસર સ્ટુડીયો દ્વારા યુટ્યુબ ઉપર મૂકવામાં આવ્યું છે.

આ સુંદર ગીત રીલ થતા હવે "તારા દ્વારે ઉભો દ્વારકાધીશ" યુટ્યુબ પર સર્ચ કરીને માણી શકાય છે. આ ગીત રીલ કરતા દ્વારકાધીશ મંદિર પરિસરમાં મંદિર સુરક્ષાના મુખ્ય અધિકારી ડીવાયએસપી સમીર સારડા સાથે દ્વારકાધીશ મંદિરના પૂજારી તેમજ પોલીસ સ્ટાફએ ખાસ ઉપસ્થિત રહી અને પી.આઈ. ચેતન દેસાઈને અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી.

# દેવભૂમિ દ્વારકા જિલ્લાના ચિત્રકારે મેળવ્યું લંડન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન



કેનેડી ગામના કલાકારે મેળવેલી સિદ્ધિ બદલ શંકરાચાર્યજી દ્વારા સન્માન

(કુંજન રાડિયા દ્વારા) જામ ખંભાળિયા તા.૩૧

દેવભૂમિ દ્વારકા જિલ્લાના જાણીતા અને હસ્તસિદ્ધ કલાકાર દ્વારા તૈયાર કરવામાં આવેલી આકર્ષક કૃતિઓએ આ કલાકારને લંડન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન અપાવ્યું છે. જે બદલ તેમને દ્વારકાના શંકરાચાર્યજી દ્વારા વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું. દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના કેનેડી ગામે રહેતા અરવિંદભાઈ દેવરાજભાઈ ખાણધર દ્વારા તૈયાર કરવામાં આવેલી ૧૨૫૦ જેટલા ભગવાનના વિવિધ આકર્ષક ઓઈલ પેન્ટિંગની સુંદર કલાકૃતિઓ મારફતે હિન્દુ સંસ્કૃતિ ઉજાગર કરવા બદલ તેમને લંડન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં નોંધ લઈ, તેમને સર્ટિફિકેટ, ટ્રોફી તથા મેડલ એનાયત કરવામાં આવ્યા છે. આ અનેરી સીધી બદલ શ્રી દ્વારકાધીશ પીઠાધીશ્વર જગતગુરૂ શંકરાચાર્ય સદાનંદ સરસ્વતી મહારાજના વરદ હસ્તે અરવિંદભાઈ ખાણધરને આ એવોર્ડ તથા ટ્રોફી આપી અને સન્માનિત કરવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ ગુજરાત સરકારમાં પણ કેનેડી ગામના ચિત્રકાર અરવિંદભાઈ ખાણધરની નોંધ લેવામાં આવી છે. સાથે સાથે ગુજરાત ઈન્ફોર્મેશન વેબસાઈટમાં તેમની તસવીરો સમાવિષ્ટ કરવા સાથે તેમને રવીન્દ્રનાથ ટાગોર એવોર્ડ વિગેરે અનેકવિધ સન્માન મળી ચૂક્યા છે. ત્યારે દેવભૂમિ દ્વારકા જિલ્લાના નાનકડા એવા ગામના ચિત્રકારને લંડન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળતા સમગ્ર જિલ્લાનું ગૌરવ પણ વધ્યું છે.

# નવાબંદર મરીન પોલીસ દ્વારા દિવ્યાંગ કેર સેન્ટર અને વૃધ્ધાશ્રમમાં રક્ષાબંધનની ઉજવણી



(નવીન જોષી દ્વારા) ઉના તા.૩૧ : પવિત્ર રક્ષાબંધન તહેવાર નિમિતે નવાબંદર મરીન પોલીસ સ્ટેશનના પીએસઆઈ એ.બી.વોરા અને સ્ટાફ દ્વારા ઉના તાલુકાના કંસારી ગામે આવેલ દિવ્યાંગ કેર ટ્રેનીંગ સેન્ટરના મનો દિવ્યાંગ બાળકોની મુલાકાત લઈ મહીલા પોલીસ કર્મચારીઓ દ્વારા દિવ્યાંગ બાળકોને રાખડી બાંધી રક્ષાબંધન પર્વની ઉજવણી બાળકો સાથે કરતા તેઓ આનંદ થઈ ગયેલ હતા. બાદમાં દેલવાડા ગુપ્ત પ્રયાગ મુકામે આવેલ મુકતાનંદ બાપુ પ્રેરીત દાદાજી વૃધ્ધાશ્રમની મુલાકાત લઈ વૃધ્ધાશ્રમમાં રહેતા વડીલો સાથે રક્ષાબંધન તહેવારની ઉજવણી કરવામાં આવી હતી અને ઉજવણી દરમ્યાન વૃધ્ધાશ્રમમાં રહેતા વડીલો સાથે સમય વિતાવ્યો હતો અને વડીલોએ તમામ સ્ટાફને આશિર્વાદ આપતા ભાવુક દ્રશ્યો સર્જાયા હતા. આમ, નવાબંદર મરીન પોલીસ સ્ટાફ દ્વારા દિવ્યાંગ બાળકો તથા વડીલોની મુલાકાત લઈ તેઓ સાથે રક્ષાબંધનના પવિત્ર તહેવારની ઉજવણી કરી પોલીસ પ્રજાનો મિત્ર હોવાનું સુત્ર સાર્થક કરેલ છે.

# જૂનાગઢમાં ચોરાઉ મોટર સાયકલ સાથે આરોપીની ધરપકડ






જૂનાગઢ તા.૩૧

જૂનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયા તેમજ પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાનાઓએ વણશોધાયેલ ચોરીના ગુનાઓ શોધી કાઢવા સુચનાઓ કરેલ હોય જે અનુસંધાને નાયબ પોલીસ અધિક્ષક હિતેષ ધાધલ્યાના માર્ગદર્શન હેઠળ જૂનાગઢ સી ડીવીઝન પોલીસ સ્ટેશનના પીએસઆઈ વી.કે.ઉંજીયાની સુચનાના આધારે ગુના નિવારણ સ્કોડનો સ્ટાફ મિલ્કત સંબંધી ગુન્હાઓ કરતા ગુન્હેગારોને ચોરીના મુદ્દામાલ શોધી કાઢવાની કામગીરીમાં હતા તે દરમ્યાન સ્ટાફને મળેલ સંયુકત બાતમીના આધારે જૂનાગઢ સી ડીવીઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ એકસેસ ગાડી ચોરીના ગુનામાં ચોરીની ગાડી મધુરમ મામાદેવના મંદિર પાસે સત્યમ એપાર્ટમેન્ટ પાસે રાખેલ હોય અને ચોરી કરનાર શખ્સ મુન્નાભાઈ ગોવીંદભાઈ બજાણીયા હોવાની ચોકકસ બાતમીના આધારે તુરત બાતમીવાળી જગ્યાએ જઈ ચોરીમાં ગયેલ મોટર સાયકલ તેમજ ચોરી કરનાર આરોપીને સ્થળ ઉપરથી પકડી પાડી ધોરણસરની કાર્યવાહી કરી છે.

આ કામગીરી જૂનાગઢ સી ડીવીઝન પોલીસ સ્ટેશનના પીએસઆઈ વી.કે.ઉંજીયા તથા પીએસઆઈ આર.વી.આહીરની સુચના મુજબ પોલીસ હેડ કોન્સ્ટેબલ એન.આર.ભેટારીયા, વી.ડી.ડોડીયા, પોલીસ કોન્સ્ટેબલ ચેતનસિંહ જગુભાઈ, દિલીપભાઈ બચુભાઈ, રોહિતભાઈ રામકુભાઈ, મનીષભાઈ કાનજીભાઈ પૃથ્વીરાજ જોરૂભા નેત્રમ શાખા જૂનાગઢના પીએસઆઈ પી.એચ.મશરૂ, પોલીસ હેડ કોન્સ્ટેબલ રામસિંહભાઈ ડોડીયા, પોલીસ કોન્સ્ટેબલ દેવેનભાઈ સિંધવ સહિતના સ્ટાફે કરેલ છે.

# દ્વારકામાં ગુગળી બ્રહ્મસમાજ દ્વારા હેમાદ્રી સંકલ્પ સાથે પવિત્ર ગોમતી નદીમાં દેહશુદ્ધિ બાદ સમૂહ યજ્ઞોપવિત ધારણ કર્યા







(કુંજન રાડીયા દ્વારા) જામ ખંભાળિયા, તા.૩૧

જગતમંદિરમાં ઠાકોરજીની સેવા પૂજા તેમજ યાત્રીકો સાથે સંકળાયેલાં ગુગળી બ્રહ્મ સમાજ દ્વારા સદીઓ જૂની પરંપરા અનુસાર ગઈકાલે બુધવારે બળેવ પૂર્ણિમાની ઊજવણી કરાઈ હતી જેમાં સવારે બ્રાહ્મણ દ્વારા દ્વારકાની પવિત્ર ગોમતી નદીના ઘાટ પર દેહશુદ્ધિની વિધિ કરવામાં આવી હતી. જેમાં જ્ઞાતિ અગ્રણીઓ અને જ્ઞાતિજનોએ ઉપસ્થિત રહી, હેમાદ્રી સંકલ્પ કરી, દશાવિધિ સ્નાનની વિધિ કરવામાં આવી હતી. આ સાથે બ્રાહ્મણો દ્વારા ગાયત્રી મંત્રના જાપ પણ કરવામાં આવ્યા હતા. દેહશુદ્ધિ વિધિ સાથે સાથે ઋષિ પૂજન, ઋષિ તર્પણ, ગ્રહ - નક્ષત્ર - ઋતુ અને માસ તર્પણની વિધિ પણ કરવામાં આવી હતી. ત્યાર બાદ બપોરે જગતમંદિરમાં ઠાકોરજીના યજ્ઞોપવિત ધારણ વિધિ પછી સાડા બાર વાગ્યે ગુગળી બ્રહમપુરી ખાતે આશરે બે હજાર જેટલા જ્ઞાતિબંધુ પુરૂષો એક જ જગ્યાએ સમૂહમાં ધાર્મિક વિધિવિધાન અને વૈદિક મંત્રોચ્ચાર સાથે સમૂહ યજ્ઞોપવિત ધારણ કર્યા હતા.

ગુગળી બ્રહમસમાજની સદીઓ જૂની આ સમૂહ યજ્ઞોપવિત ધારણની પરંપરા ગઈકાલે પણ યથાવત રીતે જળવાઈ રહી હોય જેમાં દરેક જ્ઞાતિબંધુ હોંશભેર જોડાયા હતા.

**ઠાકોરજીને ઉત્સવ ભોગમાં વિશેષ વ્યંજનો અર્પણ કરાયા**

દ્વારકાધીશ જગતમંદિરમાં મધ્યાહન સમયે ઠાકોરજીને યજ્ઞોપવિત અર્પણ કરાયા બાદ ઉત્સવ ભોગ અર્પણ કરાયો હતો. જેમાં ઠાકોરજીને બાલભોગ ઉપરાંત વિશેષતઃ ગોળધાણાં, શીરો તથા ગોળપાપડીનો ભોગ અર્પણ કરાશે અને સાથે જ ઠાકોરજીની આરતી પણ કરવામાં આવી હતી. ઠાકોરજીના યજ્ઞોપવિત ધારત કર્યા બાદ જગતમંદિરના પૂજારી પરિવાર દ્વારા ઠાકોરજી સન્મુખ યજ્ઞોપવિત ધારણ કરવામાં આવી હતી.

**બળેવ પૂર્ણિમાએ દ્વારકામાં માનવ મહેરામણ ઉમટયો**

યાત્રાધામ દ્વારકામાં દર મહિને હજારો ભાવિકો પૂનમ ભરવા આવતા હોય છે. તેમાં પણ હાલમાં ચાલતા પવિત્ર શ્રાવણ માસમાં બળેવ પૂર્ણિમાનું સ્નાન તેમજ ઠાકોરજીના દર્શન કરવા હજારો ભાવિકો બુધવારે વહેલી સવારથી જ છપ્પન સીડીએ સ્વર્ગ દ્વારેથી જગતમંદિર પ્રવેશી કાળિયા ઠાકોરજીના દર્શન કર્યા હતા. ભાવિકો ઠાકોરજીના દિવ્ય દર્શન નિહાળી ભાવવિભોર થયા હતા.

**હજારો ભાવિકોએ પવિત્ર ગોમતી સ્નાન કરીને પુણ્યનું ભાથું બાંધ્યુ**

દ્વારકા યાત્રાધામમાં હાલમાં ચાલી રહેલા શ્રાવણ માસની પૂર્ણિમા એટલે કે બળેવ પૂનમ નિમિત્તે હજારો ભાવિકોએ દ્વારકાની પવિત્ર ગોમતી નદીમાં પાવનકારી સ્નાન કરી પુણ્યનું ભાથું બાંધ્યું હતું. ગઈકાલે બળેવ પૂર્ણિમાએ દ્વારકામાં માનવ મહેરામણ ઉમટયો વહેલી સવારથી સ્વર્ગ દ્વારે ભાવિકોની હકડેઠઠ ભીડ જોવા મળી હતી.

**દ્વારકાધીશ મંદિરમાં ઠાકોરજીએ યજ્ઞોપવિત ધારણ કર્યાઃ પૂજારી પરિવાર દ્વારા શ્રીજીને રાખડી અર્પણ**

દ્વારકાધીશ જગતમંદિરમાં બુધવારે બળેવ પૂર્ણિમા પર્વની પરંપરાગત રીતે ઉજવણી કરવામાં આવી હતી. શ્રાવણ માસની પૂનમના પાવન દિવસે દ્વારકાધીશ મંદિરમાં ભગવાન દ્વારકાધીશને પૂજારી પરિવાર દ્વારા રાખડી અર્પણ કરવામાં આવી હતી. મધ્યાહન સમયે દ્વારકાધીશ રાજાધિરાજને શાસ્ત્રોકત વિધિ વિધાન સાથે યજ્ઞોપવિત પણ ધારણ કરાવવામાં આવી હતી. પૂજારી પરિવાર દ્વારા યજ્ઞોપવિતની અલાયદી વિધિ કરાયા બાદ ઠાકોરજીને યજ્ઞોપવિત તેમજ રાખડી અર્પણ કરવામાં આવી હતી.

# ખંભાળિયાના પાદરમાં બિરાજતા પ્રાચીન અને પ્રખ્યાત શ્રી રામનાથ મહાદેવ ભાવિકોની આસ્થાનું કેન્દ્ર





(કુંજન રાડિયા દ્વારા) જામ ખંભાળિયા તા.૩૧

ખંભાળિયા શહેરમાં આવેલું વર્ષો જૂનું અને પ્રાચીન એવું શ્રી રામનાથ મહાદેવનું મંદિર અનેક ભક્તો માટે અનેરી આસ્થાનું કેન્દ્ર છે. ખંભાળિયાની રામનાથ સોસાયટી વિસ્તાર નજીક બિરાજતા શ્રી રામનાથ મહાદેવ ભાગ્યેજ જોવા મળતા ત્રણ શિવલિંગ સાથે અહીં બિરાજમાન છે. દાયકાઓ જુના શ્રી રામનાથ મહાદેવ મંદિરમાં નિયમિત રીતે આરતી તેમજ ભોગ-થાળ ધરવામાં આવે છે. ખાસ કરીને પવિત્ર શ્રાવણ માસમાં અહીં દરરોજ મોટી સંખ્યામાં શિવ ભક્તોને ભીડ ઉમટી પડે છે. રામનાથ મહાદેવને દીપમાળાના દર્શન તેમજ ચાર પ્રહરની મહા આરતીનું પણ અનેરૂ મહત્વ છે. રામનાથ નદીની નજીક આવેલા રામનાથ મહાદેવ મંદિરમાં ભક્તો દ્વારા હવન, રૂદ્રી તેમજ ભોજન, પ્રસાદના કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષો અગાઉ અહીં દર શ્રાવણ માસના અંતિમ ત્રણ દિવસ લોકમેળાનું પણ આયોજન થતું હતું. પરંતુ વિવિધ કારણોસર છેલ્લા થોડા વર્ષોથી અહીં લોકમેળા યોજાતા નથી.

# ભાજપા જૂનાગઢ મહાનગર વોર્ડ નં-૯ ખાતે મતદાતા ચેતના અભિયાન અંતર્ગત લોકસંપર્ક કરવામાં આવ્યો



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૩૧

મહાનગર અધ્યક્ષ પુનિતભાઈ શર્માનાં માર્ગદર્શન હેઠળ વોર્ડ નંબર-૯ બુથ નંબર ૧૮૫ ખાતે "મતદાતા ચેતના અભિયાન" અંતર્ગત ઘર ઘર સંપર્ક કરી નવા મતદાતા નોંધણી કાર્યક્રમનો શુભ આરંભ કરવામાં આવ્યો હતો. જેમાં વોર્ડ પ્રમુખ કમલભાઈ ચુડાસમા, મહામંત્રી ભરતભાઈ મકવાણા, વોર્ડ ઉપાધ્યક્ષ કાળુભાઈ ચોટલિયા, કોર્પોરેટર ચેતનાબેન ચુડાસમા, રમેશભાઈ બાવળિયા, વોર્ડ-૯ મહીલા મોરચાના પ્રમુખ નિશાબેન ખોડીયાર, વોર્ડ નં-૯ના હોદેદારો તેમજ કાર્યકરો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢની જનતા દુઃખમાં અને મનપાના પદાધિકારીઓ મોજમાં !






## તહેવારોના દિવસોમાં ધુળની ડમરી, રસ્તાઓ ઉપરનો ઢોરવાડો અને ખાડા-ટેકરાવાળા રસ્તાઓએ જનતાની હાલત ખરાબ કરી નાખી છે

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૩૧

સાતમઆઠમના તહેવારોને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે અને શ્રાવણ મહિનાની શરૂઆતથી જ દિપાવલી નૂતન વર્ષ સુધીના તહેવારો એકધારા આવ્યા રાખે છે પરંતુ જૂનાગઢ શહેરની જનતાને તહેવારોમાં પ્રાથમિક સુવિધાનું સુખ જાણે ન હોય તેવું લાગે છે. તહેવારો ટાંકણે રસ્તાઓની ધુળની ડમરીઓ, ખાડા-ટેકરાવાળા રસ્તા અને રસ્તામાં જ જાહેર માર્ગો ઉપર રહેલા ઢોરવાડાને પગલે લોકો ત્રાહીમામ પોકારી ઉઠયા છે. તો બીજી તરફ તાજેતરમાં અતિવૃષ્ટી અને ભારે પુરપ્રકોપની સ્થિતીમાં જૂનાગઢમાં જલ તાંડવ ખેલાયું હતું અને તેમાં જૂનાગઢને ભારે નુકશાનીનો માર સહન કરવો પડયો હતો. ઉચ્ચકક્ષાએ રજુઆત બાદ જૂનાગઢની જળહોનારતના જવાબદારો સામે પગલા ભરવાની માંગણી સાથે અહેવાલો રજુ થયા છે અને જેને લઈને મનપાના પદાધિકારીઓ-અધિકારીઓ રજા ઉપર ઉતરી ગયા છે અને ગાંધીનગર સુધી દોટ દીધી છે. તેઓની આ દોટ કેવું પરિણામ લાવે છે તે ઉપર શહેરીજનોની મીટ મંડાયેલી છે. તો બીજી તરફ તહેવારોના આ દિવસોમાં જૂનાગઢ શહેરના મુખ્ય રસ્તાઓ, સોસાયટી વિસ્તાર વિગેરેના રસ્તાની હાલત ખરાબ જ છે.

અનેકવાર રિપેરીંગ કામ તેમજ રસ્તાઓના પેચવર્કના નાટક ખેલાયા હોવા છતાં આજે રસ્તાઓની હાલત ખુબ જ ખરાબ છે. શહેરમાં આવેલા વિવિધ સર્કલો ઉપર જાણે ઢોરવાડો થયો હોય તેવા દ્રશ્યો સામે આવે છે. આ ઉપરાંત તુટેલા રસ્તાઓના કારણે જૂનાગઢ શહેરમાં ધુળની ડમરીઓના ગોટેગોટા ઉડે છે. આવી હાલત વચ્ચે જૂનાગઢ મહાનગરપાલિકાના કહેવાતા પ્રજાના શાસકો, પદાધિકારીઓ, અધિકારીઓ પોતાના બચાવ માટે હાલ ગાંધીનગરના ફેરા કરી રહ્યા છે અને રજા ઉપર ઉતરી ગયા છે તેવું આધારભુત રીતે જાણવા મળે છે. વિપક્ષના કોર્પોરેટર મંજુલાબેન પણસરા તથા લલીતભાઈ પણસારાએ પ્રજાના આ કહેવાતા સેવકો સામે ખુલ્લેઆમ આક્ષેપો કરેલ છે. તો બીજી તરફ લોકો હવે તો છડે ચોક બોલી ઉઠયા છે કે, જનતા પરેશાન છે અને મનપાના પદાધિકારીઓ મોજમાં છે તેવું વાતાવરણ આજે જૂનાગઢમાં જોવા મળ્યું છે.

# જૂનાગઢની જળહોનારતમાં જવાબદારને દોષીત ઠેરવવા માટે કલેક્ટરનો રિપોર્ટ જ પુરતો છે !

## પ્રજાકીય ફરિયાદના નિકાલ માટેની ઝડપી કામગીરી કરનારા કલેક્ટરના આ રિપોર્ટમાં પ્રજાની અપેક્ષાઓ સંતોષા કે વિપરીત પરિણામ તે ઉપર જનતાની મીટ







જૂનાગઢ તા.૩૧

જૂનાગઢમાં સર્જાયેલી પુરપ્રકોપની ઘટનામાં જે કોઈ જવાબદાર હોય તેની સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવે તેવા નિર્દેષો મળી રહ્યા છે. જોકે સાચો આધાર તો જૂનાગઢ શહેરમાં જે સર્વેની કામગીરી કરવામાં આવી છે અને કલેક્ટર દ્વારા ઉચ્ચકક્ષાએ જે રિપોર્ટ આપવાનો છે તેના ઉપર રહેલો છે. જોવાનું એ રહે છે કે કલેક્ટર દ્વારા કોઈજાતની શેહશરમ રાખ્યા વિના જવાબદારો સામે તોપનું નાળચું મંડાય છે કે જવાબદારોને છાવરવાની કથિત કાર્યવાહી કરવામાં આવશે તેવી ચર્ચાઓ હાલ તો જૂનાગઢ શહેરમાં ટોક ઓફ ધી ટાઉન બની છે.

૨૧ જુનનો દિવસ જૂનાગઢવાસીઓ માટે અતિ કઠીનભર્યો રહ્યો હતો. આ દિવસે મેઘરાજાએ ભારે વરસાદ વરસાવી દેતા અતિવૃષ્ટીના પગલે જૂનાગઢ શહેરની હાલત દરિયા જેવી બની ગઈ હતી અને લોકોના ઘરમાં પાણી ઘુસી ગયા હતા અને પારાવાર નુકશાની પહોંચી હતી. કુદરતે તો શાંતપુર્ણ રીતે પાણી વરસાવ્યું હતું પરંતુ જૂનાગઢની જે હાલાકી થઈ તેના એક માત્ર જવાબદાર એવા મનપાના તંત્ર સામે લોકોમાંથી ભારે રોષ ભભુકી ઉઠયો છે. મનપાના બેજવાબદાર લોકોએ ગેરકાયદેસર બાંધકામોને છુટોદોર આપી દેતા જૂનાગઢ શહેરની આ હાલત સર્જાણી હોવાના ખુલમખુલ્લા આક્ષેપો કરવામાં આવી રહ્યા છે. જૂનાગઢના જાણીતા એડવોકેટ કે.બી. સંઘવી અને તેમની ટીમ દ્વારા ગુજરાતના મુખ્યમંત્રી સમક્ષ એક અહેવાલ પણ સુપ્રત કરવામાં આવેલ છે અને આ અહેવાલના પગલે કેટલાક લોકોની પગ નીચેથી જમીન સરકી જાય તેવો સિનારીયો થયો છે. એવા સંજોગોમાં મુખ્યમંત્રીના તપાસના આદેશને પગલે જૂનાગઢ શહેરમાં તબાહીના તાંડવ અંગેનો સર્વે હાથ ધરવામાં આવેલ તેમજ શહેરમાં કેટલાક ગેરકાયદેસર બાંધકમો છે, સરકારી જમીનમાં કે વોકળાઓ પર કઈ-કઈ જગ્યાએ આવેલા છે. એટલું જ નહી આ બાંધકામો કરવા માટેની પરમિશન કોણે આપી ? તે સગડા સવાલો મૌન ધારણ કરેલ છે. મહાનગરપાલિકા બન્યું ત્યારથી લઈ લોકોએ અનેક અસુવિધાનો અનુભવ કરેલ છે. પ્રાથમિક સુવિધાના પ્રશ્નો તો આ મનપાના અધિકારીઓ-પદાધિકારીઓ પુરા કરી શકતા નથી અને માથે ગળાટુપો દીધો હોય તેવો ઘાટ ઘડાયો છે. વોકળાઓ પર કરેલા ગેરકાયદેસર બાંધકામો ભ્રષ્ટાચાર વિગેરે કારણોસર જનતાની હાલત મનપાના આ પદાધિકારીઓના પાપે દોજખ જેવી બની ગઈ છે. ત્યારે તાજેતરમાં જ ૨૧ જુને બનેલી અતિવૃષ્ટી અને પુરપ્રકોપની ઘટનામાં પદાધિકારીઓ જવાબદાર હોવાનું સીધી અને સટ તારણ બહાર આવેલ છે. આ અંગેની ફાઈલ તૈયાર થઈ ચુકી છે અને કલેકટર દ્વારા આ અહેવાલ રાજય સરકારને સુપ્રત કરવાની તૈયારી હાથ ધરાઈ છે. જૂનાગઢના કર્મનિષ્ઠ જેવા જીલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસીયાએ થોડા દિવસમાં જ જૂનાગઢ અને જીલ્લાના પ્રજાકીય પ્રશ્નોના નિકાલ માટે ખુબ સારી કામગીરી દાખવી છે ત્યારે આ બાબતે કેવીક તોપ ફોડે છે તે બાબતે લોકોની મીટ મંડાયેલી છે. જૂનાગઢ જીલ્લા કલેકટર સામે લોકોની અનેક અપેક્ષાઓ રહેલી છે ત્યારે કલેકટર દ્વારા કોઈપણ જાતની શેહશરમ રાખ્યા વિના મનપાના જવાબદાર અધિકારી-પદાધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી છે.

# જૂનાગઢમાં પતિએ ચારિત્ર્ય ઉપર શંકા કરતા પરિણીતાએ માસુમ પુત્ર સાથે આત્મહત્યા કરી હોવાનું બહાર આવ્યું

## જમાઇ વિરૂધ્ધ મૃતકની માતાની દીકરીને મરવા મજબૂર કર્યાની પોલીસમાં ફરિયાદ : તપાસ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૩૧

રવિવારે જૂનાગઢની એક પરિણીતાએ માસુમ પુત્ર સાથે ટ્રેન નીચે ઝંપલાવીને કરેલા આપઘાતના બનાવમાં મૃતકને તેના પતિએ મરી જવા મજબૂર કર્યાની ફરિયાદ મરનારના માતાએ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે. શહેરમાં ઝાંઝરડા રોડ વિસ્તારમાં આવેલ રાજમંદિર એપાર્ટમેન્ટ બ્લોક નંબર ૧૦૪માં રહેતા સોનલબેન હાર્દિક જેબલિયા(ઉ.વ.૨૮)એ તેના એક વર્ષના પુત્ર કૃષ્ણરાજ સાથે ૨૭ ઓગસ્ટ રવિવારની સાંજે ચોબારી રેલવે ફાટક પાસે સોમનાથ-જબલપુર ટ્રેન નીચે ઝંપલાવીને મોતને મીઠું કરી લીધું હતું. આ ઘટનામાં માતા-પુત્રના મૃતદેહ ક્ષત વિક્ષત થઈ ગયા હતા. અને ટ્રેનમાં બંનેના મૃતદેહને શાપુર ખાતે લઈ જવામાં આવ્યા હતા. આ અંગે મૃતકનાં પતિ ખાનગી બેંકમાં નોકરી કરતા પતિ હાર્દિક કિશોરભાઈ જેબલિયાએ પોલીસ નિવેદનમાં જણાવ્યું હતું કે, પત્ની સોનલ કોઈ વ્યકતિ સાથે વાત કરતી હતી આથી શંકા જતા તેને ઠપકો આપ્યો હતો અને બાદમાં તેના ભાઈ ઉદયને ફોન કરી પત્ની સોનલને કોન્ફરન્સમાં લઈને સમજાવવાનું કહ્યું હતું તેનું તેણીને લાગી આવતા પુત્ર કૃષ્ણરાજ સાથે જૂનાગઢથી વેરાવળ તરફ જતી જબલપુર સોમનાથ ટ્રેન નીચે ઝંપલાવીને આપઘાત કર્યો હોવાનું જણાવ્યું હતું. દરમ્યાન બુધવારે મૃતક સોનલબેનના જેતપુર ખાતે રહેતા માતા ધમબેન રાવતભાઈ ડેરૈયાએ દીકરીના પતિ હાર્દિક જેબલિયા સામે સોનલબેનના ચારિત્ર્ય ઉપર શંકા કરી, માવતરે જવાનુ કહી અને છુટાછેડાની ધમકી આપી સોનલબહેનને પુત્ર સાથે મરી જવા મજબૂર કર્યાની ફરીયાદ નોંધાવતા બી ડિવિઝન પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સોરઠ પંથકમાં વ્યાપક જુગાર દરોડા : કાલસારી ગામેથી આઠ શખ્સો ઝડપાયા

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૩૧

જૂનાગઢ અને આસપાસના વિસ્તારોમાં જુગારની મોસમ ખીલી ઉઠી હોય તેમ જુગારીઓ પત્તા રમ્યામાં મસગુલ બન્યા છે ત્યારે પોલીસે પણ જુગારીઓના રંગમાં ભંગ પાડેલ છે. પોલીસે આપેલી વિગત અનુસાર, જૂનાગઢના બસ સ્ટેન્ડ નજીકથી જાહેરમાં જુગાર રમતા ચાર શખ્સોને રૂા.૩૦૯૦ના રોકડ મુદ્દામાલ સાથે ઝડપી લઈ તેમના વિરૂધ્ધ કાર્યવાહી કરી છે.

**વિસાવદર તાલુકાના કાલસારી ગામે જુગાર દરોડો**

વિસાવદર તાલુકાના કાલસારી ગામેથી આઠ શખ્સોને જાહેરમાં જુગાર રમતા રૂા.૧,૧૦,૧૯૦ના રોકડ મુદ્દામાલ સાથે પોલીસે ઝડપી લઈ તેમના વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે. આ ઉપરાંત વિસાવદરના ખાંભા ગીર ગામેથી જાહેરમાં જુગાર રમતા પાંચ શખ્સોને પોલીસે ઝડપી લઈ તેના વિરૂધ્ધ જુગાર ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે.

**જૂનાગઢમાં વધુ એક જુગાર દરોડો**

જૂનાગઢ બી ડીવીઝન પોલીસે મુબારકબાગ નજીકથી જાહેરમાં જુગાર રમતા ચાર શખ્સોને રૂા.૩૬૦૦ના રોકડ મુદ્દામાલ સાથે ઝડપી લેવામાં આવેલ છે.

**નાનડીયા ગામે જુગાર દરોડો**

માણાવદર તાલુકાના નાનડીયા ગામે પોલીસે જુગાર અંગે દરોડો પાડી પાંચ શખ્સોને રૂા.૪૧૮૦ના મુદ્દામાલ સાથે જુગાર રમતા ઝડપી લીધેલ છે. આ ઉપરાંત માંગરોળ તાલુકાના ગોરેજ ગામેથી સાત શખ્સોને રૂા.૯૦૨૦ના મુદ્દામાલ સાથે ઝડપી લેવામાં આવેલ છે.

# જૂનાગઢમાં સરા જાહેર પરણીતાને પતિ, સાસુ, નણંદે માર મારી દીકરાને ઝૂંટવી જવાનો કર્યો પ્રયાસ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૩૧

જૂનાગઢના કડિયાવાડ વિસ્તારમાં માસુમ પુત્ર સાથે રાખડી ખરીદવા નીકળેલ નિશાબેન લાખા ચીખલીયા(ઉ.વ.૨૫) નામની પરિણીતાને પતિ લાખા કાંતિ, સાસુ આશાબેન અને નણંદ દયા અને ગાયત્રીએ માર માર્યાની પોલીસમાં ફરીયાદ થઈ છે. મુબારકબાગમાં રહેતા નિશાબેને ૧૫ દિવસ અગાઉ તેના પતિ વિરૂદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. જેનું મનદુઃખ રાખીને હુમલો કરી પુત્રને ઝૂંટવી જવાનો પ્રયાસ કરતા ૬ વર્ષનો પુત્ર પડી જતા તેને માથાના ભાગે ઈજા થયો હતી. આ અંગેની ફરિયાદના આધારે એ ડિવિઝન પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.


સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા....

**મે. નરભેરામ હરીદાસ**

બીડી તથા સીગારેટનાં હોલસેલ વેપારી

વૈભવ ફાટક પાસે, એસ.ટી. રોડ, જૂનાગઢ - ૩૬૨૦૦૧



**ઓફર...ઓફર...** M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

એકસચેંજ ઓફર

LED TV રૂા. 6500* થી શરૂ

MI-GL

ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ

ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ

**બીના ઈલેકટ્રોનિકસ**

Kelvinator

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.

LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ

જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.



**જૂનાગઢમાં વેચવાનું છે**

(૧) ડો. જસાણીનું ચાર માળનું દવાખાનું, પોસ્ટ ઓફીસ રોડ

(૨) ગાંધીગ્રામ પોસ્ટ ઓફીસ પાસે ૫૦૦વારની જગ્યા, ૮ રૂમવાળી બેંકને લાયક વેચવાની છે.

(૩) ગાંધીગ્રામ કોન્વેન્ટ સ્કુલ સામે ૫૦૦ વારમાં ૧૦ દુકાનો, આઠ રૂમ વાળો બંગલો

(૪) દુકાન, મકાન, ફલેટ, જમીન લેવા-વેચવા માટે મળો.

(૫) ૩૨૦૦૦ ચાલેલી એસેન્ટ ગાડી

(૬) ગાંધીગ્રામમાં કોન્વેન્ટ સ્કુલ સામે આમ્રપાલી એપાર્ટમેન્ટમાં બીજા માળે ફલેટ વેચવાનો છે.

(૭) તળાવ દરવાજા વિસ્તારમાં ગોલ્ડન-લેક માં 3 BHK વ્યાજબી ભાવમાં ફલેટ વેચવાનો છે..

(૮) માંગનાથ રોડ ઉપર ૧૫૫૦ સ્કવેર ફૂટ વાળો શોરૂમ તદન વ્યાજબી ભાવમાં વેચવાનો છે. ગેલેક્સી સાઈકલ ની બાજુમાં...

**સંપર્ક : મો. ૮૧૫૬૦ ૧૯૯૯૯**




ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત

● પીએમ જય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

**હરિ-કલા + યુરોસર્જીકલ હોસ્પિટલ**

**ડો. જયંત એચ. પંડયા**

જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેકટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :

- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસામાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪,

મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી બ્રાંચ : હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ

મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪



**ૐ નેચર કયોર સેન્ટર**

**ડો. સી.ડી. ઓઝા**

તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે

- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.

દરરોજ સાંજે ૭ થી ૮ નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)

ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨